જરથોશતી ધર્મ બોધ.

પાઠમાળા.

પેહેલી ચોપડી.

શરૂઆતના અવસ્તા તથા જરથોશતી
ધર્મનો બોધ.

બાળકોને નવજોતને માટે તૈયાર કરવા સારૂં

બનાવનાર,

ફરાંમજી મીનોચેહેરજી દસ્તુર જામાસપ
આશાજીના બી. એ.
સર જમશેદજી જીજીભાઈ જરથોશતી મદરેસાનો
જંદ અને પેહેલવી ભાષાનો વિદ્યાર્થી અને
એજ મદરેસાનો ઈંગ્રેજી શિક્ષક.

અવસ્તા.

[illegible]

[illegible]

(વં० ૫, ૨૧) [illegible]

અર્થ

પાક ખોદાતાલાએ અશો જરથોશતને કહ્યું છે કે:—હમેશાં માણસને માટે સર્વોત્તમ ચીજ પાકી છે. અને માજદીઅસ્ની દીન એજ એકલી પાકી છે.

મુંબઈ સમાચાર છાપખાનામાં
માણેકજી બરજોરજી મીનોચેહેર હોમજીનાએ છાપ્યું છે.

સને ૧૨૪૯ યઅજદજરદી—સને ૧૮૮૦ ઇસવી.

કીંમત ૬ આના.

જરથોશતી ધર્મ બોધ.

પાઠમાળા.

પેહેલી ચોપડી.

શરૂઆતના અવસ્તા તથા જરથોસ્તી
ધર્મનો બોધ.

બાળકોને નવજોતને માટે તૈયાર કરવા સારૂં
બનાવનાર

**ફરાંમજી મીનોચેહેરજી દસ્તુર જામાસ્પ
આશાજીના બી. એ.**
સર જમશેદજી જીજીભાઈ જરથોશતી મદરેસાનો
જંદ અને પેહેલવી ભાષાનો વિદ્યાર્થી અને
એજ મદરેસાનો ઇંગ્રેજી શિક્ષક.

અવસ્તા.

[illegible]

[illegible]

(વં૦ ૫, ૨૧) [illegible]

અર્થ

પાક ખોદાતાલાએ અશો જરથોશતને કહ્યું છે કે:–હમેશાં માણસને માટે સર્વોત્તમ ચીજ પાકી છે. અને માજદીઅસ્ની દીન એજ એકલો પાકી છે.

મુંબઈ સમાચાર છાપખાનામાં
માણેકજી બરજોરજી મીનોચેહેર હોમજીનાએ છાપ્યું છે.

સને ૧૨૪૯ ઇઅજદજરદી—સને ૧૮૮૦ ઇસવી.

કીંમત ૭ આના.

ધી આનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ.

શેઠ હીરજીભાઈ હોરમજજી શેઠના.

શેઠ ખુરશેદજી ફરદુનજી પારખ.

શેઠ દીનશાહજી માણેકજી પીટીટ.

શેઠ ફરાંમજી નોશેરવાનજી પટેલ.

નામદાર સર જમશેદજી જીજીભાઈ ટરાંન્સલેશન

ફંડના તરફથી સાહેબો જોગ—

નામવર સાહેબો,

આપણા પવિત્ર ધર્મની કીર્તિ વધારવાનાં કામમાં દર વખતે તમો નેકનામો કોશેશ કરો છો તથા તે સાથે જેઓ એવી કોશેશ કરેછે તેઓને ઘટતું ઉત્તેજન આપોછો તેનાં માનની જુજ ઇધાની દાખલ આ નાહનો ચોપડી તમો સાહેબોને નજર કરવાની સેવક પરવાંનગી લેછેજી.

નામવર સાહેબો,

હું છું તમારો તાબેદાર સેવક

ફરાંમજી મીનોચેહેરજી દસ્તુર

જમાસ્પ આસાજીના.



પેહેલી ચોપડીનું સાંકળીઉં.

બાબદ.	સફે.
અવસ્તાના મુળાક્ષરો	૯
અવસ્તાનાં પદ	૧૦
અભ્યાસ પાઠ	૧૧
અવસ્તા.	
અષેમ્ વોહૂ	૧૪
યથા અહૂ વઇર્યો	૧૪
કેમ્‌ના મઝ્દા	૧૫
અહુર મઝ્દ ખોદાએ	૧૬
હનઓમ અહુરહે મઝ્દાઓ	૧૭
મઝ્દયસ્નો અહ્મિ	૧૭
નમસ્કાર સરાગનો	૧૮
રફીરતયાઉ	૨૦
નેરંગ આબેજર લેવાની	૨૧
સરોષ બાજ	૨૧
ફ્રસ્તુયે	૨૩
ગુજરાતી.	
'અષેમ્ વોહૂ' નો સાર	૨૫
અશોઇ	૨૫
શરીરની ચોખ્ખાઇ	૨૭
મનની ચોખ્ખાઈ	૨૮
'યથા અહૂ વઇર્યો' નો સાર	૩૦
સઘળી ચીજનો સબબ ખોદા છે	૩૧

સફે.

ખોદાની કૃપા—માજદીઅસની દીન........................ ૩૩
માજદીઅસની દીન શીખવાની અને પાળવાની
 માણસની ફરજ ૩૪
અશો જરથોશતનો અહેવાલ ૩૫
ખોદાની મહા શકિત વિષે ૩૮
'કેમના મજદા' નો સાર ૩૯
આપણને ખોદાને જવાબ દેવો છે........................ ૪૦
અશો જરથોશતની બુજોરગી........................ ૪૨
'અહુર મજદ ખોદાએ' ની સમજુતી ૪૪
ગુનાહના પસતાવા વિષે........................ ૪૫
'ક્ષન ઓમ્ર' નો અર્થ ૪૬
'મજદ યસ્નો અહ્મિ' નો અર્થ ૪૬
'રજીરતયાુ' નો સાર ૪૭
નવજોત ૪૮
સુદરેહ.. ૪૯
કુશ્તી ૪૯
કુશ્તી બાંધવાની ક્રિયા ૫૧



પાઠ માળાનો વધારો........................ ૫૫



આ ચોપડી છાપતાં થએલી ભૂલોનું શુદ્ધિ પત્રક.

સફો.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૫	૧૨	[illegible]	[illegible]
૧૬	૧૫	[illegible]	[illegible]
૧૭	૯	[illegible]	[illegible]
૧૮	૨	[illegible]	[illegible]
૧૮	૧૪	[illegible]	[illegible]
૨૦	૨	[illegible]	[illegible]
૨૦	૩	[illegible]	[illegible]
૨૦	૧૩	[illegible]	[illegible]
૨૭	૨૨	લૂગડ	લૂગડાં
૨૮	૧૭	વખતમ	વખતમાં
૪૪	૮	અધારાંમાંથી	અંધારાંમાંથી
૪૮	૧૩	આપણુને	આપણે

બ નામે ઇજદ.

દીબાચો.

પાક દાદાર અહુરમજદ કે જે તમામ મીનોઇ અને ગાફી હસ્તીના સરજનાર અને ચાલુ રાખનાર છે તેનાં-તથા અશો જરથોશત કે જે પોતાની અશોઇથી સર્વે ઇનસાન જાતમાં પેહેલો મરતબો ધરાવેછે તેનાં-મુબારક નામની પ્રથમ યાદ કરીને, તે નામોની બરકતથી, જરથોશતી બાળકોને તેઓના પવિત્ર ધર્મનો બોધ આપવાને આ 'જરથોશતી ધર્મ બોધ' નામની પાઠમાળાનો પેહેલો અંક શરૂ કરવામાં આવે છે. એ પાઠમાળાની મુખ્ય નેમ એ છે કે,-જરથોશતી બાળકો પાક અવસ્તાના કલાંમો ખુદ અવસ્તાને હરફે વાંચીને શુધ્ધ પઢતાં શીખે, અને તે કલાંમોમાં જે ઉમદા મતલબ સમાયલી છે તેનો, તથા તે મતલબ ઉપરથી નીકળી શકતા બાળકોએ શીખામણ લેવા લાયક નાતિના સારનો, તથા તેઓને જરૂરની દીન ધર્મની બીજી ઘણીએક બાબદોનો બોધ તેઓ મેળવે; કે તેથી હાલ સુધી મોઢેથી અવસ્તા પઢાવવાને લીધે, તેઓ જે ઘણાજ અશુધ્ધ અને ઘણીએક વેળાએ તદન ઉલટા અને હસવા સરીખા ઉચ્ચાર કરેછે તેનો-તથા પોતાના ધર્મની ખુબી અને પોતાની બીજી ફરજો વિષે તેઓ જે ઘણુંજ શોકકારક અગ્નાનપણું બતાવે છે તેનો કેટલેક દરજ્જે-અટકાવ થઇ શકે. એ પાઠમાળાની એકએકથી અનુક્રમે ચઢતી ચાર ચોપડીઓ

છપાવવાની ધારણા રાખવામાં આવી છે, અને હવે પછીની ચોપડીઓમાં, ઉપર જણાવેલી બાબદો ઉપરાંત, પાક જરથોશતી ધર્મની તવારીખને લગતું, તથા તે ધર્મની બુનેઆદ સ્થાપવાની મજબૂત કોશેશ કરી ગયલા પ્રખ્યાત જરથોશતી હકેમો અને ધર્મ ગુરૂઓના વૃત્તાંતને લગતું કેટલુંક બયાન આપવામાં આવશે.

મજકુર પાઠમાળામાં ખુદ અવસ્તાને હરફે વાંચીને પઢતાં શીખવવાની જે નેમ રાખી છે તેથી કાંઈપણ મુશકેલી નડે એવું નથી; કારણ કે અવસ્તાના મૂળાક્ષરો શીખવાનું તથા અવસ્તાનો કોઈપણ ફકરો વાંચી લખી જાણવાનું એટલું તો સેહેલ છે કે નિશાલે શીખતાં જરથોશતી બાળકોને ગુજરાતી લીપી શીખવવા પાછલ શિક્ષકને જેટલી મેહેનત લેવી પડેછે તેનાં કરતાં ઘણી થોડી મેહેનતે તેઓને અવસ્તાની લીપી શીખવી શકાશે. માટે એવી સૂચના કરવામાં આવેછે કે બાળકો ગુજરાતીના મૂળાક્ષરો તથા બારાખડી શીખી રહીને ગુજરાતી પેહેલી ચોપડીના થોડાએક પાઠ વાંચી જવાને શકિતવાન થાય ત્યાર પછી તેઓને અવસ્તાના મૂળાક્ષરો શીખવવાનું શરૂ કરવું, અને તેઓ ગુજરાતી પેહેલી ચોપડી પુરી કરે ત્યાં સુધીમાં અવસ્તાના સઘળા મૂળાક્ષરો તથા પદ તથા વાંચવાનો મહાવેરો પાડવાને આ ચોપડીમાં જે અભ્યાસ પાઠ આપેલા છે તે શીખવી કાઢવા, કે તેઓ બીજી ચોપડી લીએ તેની સાથે તેઓને અવસ્તા વંચાવવાનું શરૂ કરવામાં આવે, અને તેમ થવેથી અવસ્તાના જોડાક્ષરોના શુધ્ધ ઉચ્ચાર કરવાનું તેઓને દીકટ લાગે નહીં. જો એ ઉપાય લેવામાં આવશે તો ખાતરીથી કહેવામાં આવેછે કે ખુદ અવસ્તાને હરફે વાંચીને અવસ્તા પઢાવવાની આ રીતી જો કે પેહેલવેહેલી

છે તોપણ–શિક્ષક અને શીખનારને ઘણી તસદી પડવા વગર–તે સેહેલથી અમલમાં આવી શકશે; અને આ ચોપડીની અગત્યતા જણાવનાર દીન દોસ્ત ગૃહસ્થની તથા તેને ઘટતો આશરો આપનારા જરથોશતી અકાબરોની નેમ પાર પડવા સાથે, આ મોટો સુધારો દાખલ કરવાથી, તેઓ હમેશના જશને લાયક થશે.

તારીખ ૩૦મી જુન ૧૮૮૦

ફ૦ મી૦ દસ્તુર જામાસ્પ આશાજીના.



૪

શિક્ષકને સૂચના.

શીખનારને અવસ્તા ભાષાના અક્ષરો બરાબર ઉકે-લતાં આવડયા પછી, અવસ્તામાં થયલું કોઇ પણ લખાણ તે સેહેલથી વાંચી શકેછે; કારણકે જેમ ગુજરાતીમાં તથા બીજી ભાષાઓમાં એક અક્ષર લખીને તેના એકથી વધારે ઉ-ચ્ચાર કરવામાં આવેછે તેમ અવસ્તામાં નથી. ગુજરાતીમાં જો આપણે 'એ' લખીશું તો તેનો બે રીતે ઉચ્ચાર થશે; એક તો જેમ આપણે 'એક' શબ્દમાં બોલીએ છીએ તેમ, અને બીજો જેમ આપણે 'એમ' શબ્દમાં બોલીએ છીએ તેમ. પણ અવસ્તામાં જો 'એક' લખવું હોયછે તો ૭૬ અને જો 'એમ' લખવું હોયછે તો ૬૬ એ પ્રમાણે 'એ' ના બે જૂદા જૂદા ઉચ્ચારોને માટે જૂદા જૂદા અક્ષરો લખાય છે. એ પ્રમાણે અવસ્તાના દરેક અક્ષરનો એકજ ખાસ ઉચ્ચાર થાયછે, તેથી એ ભાષાનું વાંચણ બીજી બધી ભાષાઓનાં વાંચણ કરતાં શીખનારને સેહેલ પડેછે. પણ, પેહેલાં અક્ષ-રોના ઉચ્ચાર શિક્ષકે શીખનારના મગજમાં બરાબર ઉતા-રવા જોઇએ. દરેક અક્ષરને શિક્ષકે પોતે છૂટો લખી દેખા-ડીને શીખનાર પાસે પરખાવવો જોઇએ અને તેનો શુદ્ધ ઉચ્ચાર કરાવવો જોઇએ. વળી આપણાં બાળકો માત્ર ગુ-જરાતી મૂળાક્ષરોજ વાંચી શકેછે તેથી અવસ્તાની બારાખ-ડીમાંના કેટલાએક અક્ષરોના ઉચ્ચાર કરવા તેઓને લગાર મુશ્કેલ પડે એવું છે, માટે તેવા હરફો ઉપર શિક્ષકે શીખના-રનું વિશેષ ધ્યાન ખેંચવું જોઇયે. જેમકે, ગુજરાતીમાં 'જ્' લખાય છે તેને માટે અવસ્તામાં ૭ આવે છે. પણ અવ-સ્તામાં બીજા બે અક્ષરો (અને ૭ આવેછે તેઓને મ-ળતા અક્ષરો ગુજરાતીમાં નથી, તેથી જોકે તેઓનો ઉચ્ચાર

આ ચોપડીમાં ગુજરાતીના 'જ' થીજ કરવામાં આવ્યોછે તોપણ એ અક્ષરો 'જ' થી જૂદા છે એવું બતાવવાને 𐬰 નો ઉચ્ચાર 'જ' ની નીચે એક બીંદું કાહાડીને 'જ઼' એ પ્રમાણે, અને 𐬲 નો ઉચ્ચાર 'જ' ની નીચે ત્રણ બીડાં કાહાડીને 'જ઼' એ પ્રમાણે લખ્યોછે; કારણ કે 𐬰 એ અક્ષર ફારસીના 'ز' ને, અને 𐬲 ફારસીના 'ژ' ને મલતો છે. વાસ્તે 𐬰 નો ખરો ઉચ્ચાર જેમ ઈંગ્રેજીના 'as' શબ્દમાં 'S' નો ઉચ્ચાર કરીએ છીએ તેવો કરવાને, અને 𐬲 નો ખરો ઉચ્ચાર ઈંગ્રેજી 'Azure' શબ્દમાં જેવો 'z' નો ઉચ્ચાર કરીએ છીએ તેવો કરવાને શીખનારને સારીપેઠે સમજ આપવી. વળી અવસ્તાના 𐬓 અક્ષરને બરાબર મળતો ગુજરાતીમાં કોઈ અક્ષર નથી તેથી તેનેબી 'ખ' ની નીચે એક બીંદું કાહાડીને 'ખ઼' એ પ્રમાણે લખ્યોછે. એ અક્ષરનો ખરો ઉચ્ચાર ફારસીના خ ની માફક કરાવવો. બીજું એ કે ગુજરાતીમાં વપરાતા '𐬆' તથા '𐬊' અક્ષરો પણ ગુજરાતી મૂળાક્ષરો સાથે હાલમાં શીખવવામાં આવતા નથી, તેથી શીખનારને જણાવવું કે જે પ્રમાણે ગુજરાતીના 'એમ' શબ્દમાં 'એ' નો ઉચ્ચાર થાયછે તેવો '𐬆' નો ઉચ્ચાર કરવો; અને 'ઓરત' શબ્દમાં જેમ 'ઓ' નો ઉચ્ચાર થાયછે તેમ '𐬊' નો ઉચ્ચાર કરવો. ગુજરાતીના '𐬆' ને મળતા અવસ્તાના '𐬉' નો ઉચ્ચાર કેટલીએક વખતે 'ઍ' અથવા 'ૅ' એ પ્રમાણે, અને ગુજરાતીના '𐬊' ને મળતા અવસ્તાના 𐬋 નો ઉચ્ચાર 'ઑ' અથવા 'ૉ' એ પ્રમાણે આ ચોપડીમાં લખ્યોછે તે પણ શીખનારનાં ધ્યાનપર લાવવું. વળી આપણા બાળકો ઘણું કરીને 'ક્ષ' એ અક્ષ-

રનો ઉચ્ચાર ખોટી રીતે 'અખ્ષ' કરેછે, તે માટે તેઓને સમજાવવું કે એ 𐬀𐬑𐬱𐬀 ='ક્ષ' હરફનો ઉચ્ચાર 'ખ્ષ' કરીને કરવો.

અવસ્તામાં એકજ ઉચ્ચાર કરવાને કેટલીએક વખતે ચોકશ કારણોને લીધે એકથી વધારે અક્ષરો વપરાયછે; જેમકે, 'ય્' નો ઉચ્ચાર કરવાને 𐬫 અથવા 𐬌𐬌 એ બંનેમાંથી એક અક્ષર લખાયછે; અને 'વ્' નો ઉચ્ચાર કરવાને 𐬬 અથવા 𐬎𐬎 એ બેમાંનો એક લખાયછે, ઈત્યાદિ. પણ એકજ અક્ષરના એકથી વધારે ઉચ્ચાર થઇ શકતા નથી. માત્ર '𐬛𐬎' (=આ ુ) એવી શીકલમાં દ=દ નો ઉચ્ચાર ગુજરાતી 'ુ' ના જેવો થાયછે, અને 𐬀𐬎 અથવા 𐬀𐬎=અદ એવી શીકલમાં 𐬀 નો ઉચ્ચાર ગુજરાતી 'દ' ના જેવો થાયછે.

આપણા જરથોસતીઓના ચાલુ રેવાજ પ્રમાણે અવસ્તાનો 𐬛, 𐬜, અને 𐬝 એ ત્રણ અક્ષરોમાંના દરેકનો ઉચ્ચાર 'દ્' કરવામાં આવેછે. અને તે વિષે એમ જણાવવામાં આવેછે કે 𐬛 ઘણું કરીને શબ્દની શરૂઆતમાં, 𐬜 શબ્દની વચ્ચે, અને 𐬝 શબ્દની શેવટે વપરાયછે. પણ યુરોપીયન ઉસ્તાદો જબાંનશનાસીની રૂએ 𐬜 એ અક્ષરનો ઉચ્ચાર 'ધ્' અને 𐬝 એ અક્ષરનો ઉચ્ચાર 'ત્' કરેછે. એકાદ બે દાખલા શિવાય 𐬝='ત્' હમેશાં શબ્દની શેવટે વપરાયછે.

ગુજરાતીમાં 'ક' લખીએ તો તેનો એકદમ સ્પષ્ટ ઉચ્ચાર થઇ શકેછે, પણ અવસ્તામાં જો 𐬐 લખીએ તો તેની પાસે 𐬀 લખવા વગર 'ક' કરીને સ્પષ્ટ ઉચ્ચાર થઇ શકવાનો નથી, માટે શિક્ષકે છોકરાંઓને મૂળાક્ષરો શીખવવા

પછી એ બાબદ ઉપર પુષ્કળ ધ્યાંન આપવું. શિક્ષકે પોતે જૂદા જૂદા અક્ષરો છૂટા અથવા ભેગા લખીને તેનો છોકરાંઓ પાસે ઉચ્ચાર કરાવવો. જેમકે, શિક્ષકે [illegible] 'ખુ' એ પ્રમાણે લખીને છોકરાંઓને ઉચ્ચાર કરવાને કહેવું. છોકરાંઓને ગુજરાતી અક્ષર વાંચી જવાની જેમ ટેવ હોયછે, તેમ તેઓ ઉપર કહેલા [illegible] 'ખુ' શબ્દનો ઉચ્ચાર 'ખરઉ' કરીને કરશે, તેજ વખતે શિક્ષકે તેમને કહેવું કે તમને '[illegible]—[illegible]' ના પદમાં કેમ શીખવ્યું છે. [illegible] ના પાસે [illegible] લખીએ નહી ત્યાં સુધી તેનો ઉચ્ચાર 'ખ' કરીને થાય નહીં; માટે જ્યારે કોઇપણ વ્યંજનની પાસે સ્વર હોય નહીં ત્યારે તેને પાસેના પદ સાથે જોડી નાખવો અને આ દાખલામાં [illegible] ની પાસે [illegible] 'રૂ' પદ આવેલું છે માટે તેઓને જોડી નાખીને 'ખુ' કરીને ઉચ્ચાર કરવો. બીજું એ કે જો કોઈ વ્યંજનની પાસે સ્વર આવ્યો હોય તો તે વ્યંજન અને સ્વરનો છૂટો છૂટો ઉચ્ચાર કરવો નહીં, પણ તે બંનેને સાથે જોડી નાખવા; જેમકે, જો આપણે [illegible] 'કો' લખીએ તો તેનો ઉચ્ચાર 'કઓ' એ પ્રમાણે છૂટો છૂટો નહીં પણ સાથે જોડીને 'કો' કરવો. પણ જો એક વ્યંજનની પાસે એક સ્વર આવવા પછી તરત બીજો સ્વર આવે તો પેહેલા સ્વરને વ્યજન સાથે જોડી નાખવો અને બીજા સ્વરનો છૂટો ઉચ્ચાર કરવો; જેમકે, [illegible] 'ગાઉ' શબ્દમાં [illegible] ની પાસે [illegible] અને [illegible] એ સ્વર આવ્યા છે તો [illegible] ને [illegible] સાથે જોડીને [illegible] 'ગા' કરવો અને [illegible] ને છૂટો વાંચવો ; એ પ્રમાણે [illegible] નો ઉચ્ચાર 'ગાઉ' કરવો, ઇત્યાદિ.

શીખનારને વાંચવાનો મહાવરો પાડવાને માટે આ ચોપડીમાં જે અભ્યાસ પાઠ આપ્યા છે તેમાનો એકેકો

શબ્દ છૂટો શિક્ષકે પોતે લખી બતાવીને છોકરાંઓ પાસે ઉચ્ચાર કરાવવો, અને તેમજ પોતે બોલીને છોકરાંઓ પાસે લખાવવો.

'લ' એ અક્ષર અવસ્તાનો નથી તેથી તેને અવસ્તાની બારાખડીમાં આપ્યો નથી–પણ એ અક્ષર પાજંદ ભાષા કે જેમાં આપણી ઘણીખરી બંદગીઓના દીબાચા લખાયા છે તેમાં વપરાય છે, તેથી એ અક્ષર અને તેનો ઉચ્ચાર જ્યારે છોકરાંઓને અવસ્તા વાંચતા આવડે ત્યારે જણાવવો.

☞ અવસ્તાનું લખાણ તથા વંચાણ જમણા હાથ ઉપરથી થાયછે.

☞ "   " એવી નીશાણી વચ્ચે થયલું લખાણ પાજંદ ભાષાને લગતું જાણવું.



અવસ્તાના મૂળાક્ષરો.

સ્વર તથા સંધિસ્વર.	ગુજરાતીમાં ઉચ્ચાર.
𐬀	અ
𐬁	આ
𐬌	ઇ (હ્રસ્વ)
𐬍	ઈ (દીર્ઘ)
𐬎	ઉ (હ્રસ્વ)
𐬏	ઊ (દીર્ઘ)
𐬆	એ
𐬈	૬=ઍ
𐬇𐬀=𐬆𐬀	અ૬=અઍ
𐬉	એ
𐬊	ઓ
𐬋	૩=ઑ
𐬄𐬀	અં
𐬄	આં
𐬈𐬁	આ૩=આઑ

વ્યંજન.	ગુજરાતીમાં ઉચ્ચાર.
𐬐	ક્
𐬑	ખ્
𐬓	ખ્ (ફા૦ خ)
𐬔	ગ્
𐬖	ઘ્
𐬣=𐬢	ઙ્
𐬗	ચ્
𐬘	જ્
𐬲	જ્ (ફા૦ ژ)
𐬰	જ઼્ (ફા૦ ز)
𐬙=𐬝	ત્
𐬚	થ્
𐬛	દ્
𐬜	ધ્
𐬥=𐬦	ન્

વ્યંજન.	ગુજરાતીમાં ઉચ્ચાર.	વ્યંજન.	ગુજરાતીમાં ઉચ્ચાર.
	પ્		વ્ (વચમાં)
	ફ્		વ્ (ઇં૦ W)
	બ્		સ્
	મ્		શ્
=	ય્(શરૂઆતમાં)		ષ્
	ય્ (વચમાં)		હ્
	ર્		ક્ષ્
	વ્(શરૂઆતમાં)		

પદ.

કૂ કુ કી કિ કા ક

કૌ કો કઇ કૅ કે કે

કાઉ કાં કં

(એજ પ્રમાણે બીજાં પદ લખવાં.)

અભ્યાસ પાઠ પેહેલો.

અવસ્તાના શબ્દો.	ગુજરાતીમાં ઉચ્ચાર.	અવસ્તાના શબ્દો.	ગુજરાતીમાં ઉચ્ચાર.
[illegible]	આઇ	[illegible]	યિમ્
[illegible]	ઈમ્	[illegible]	ઊન
[illegible]	અત્	[illegible]	અજેંમ્
[illegible]	અક	[illegible]	અઈતે
[illegible]	અહુ	[illegible]	અખ્ત
[illegible]	અહે	[illegible]	અંગ્ર
[illegible]	અએમ્	[illegible]	અતુપ
[illegible]	આઅત્	[illegible]	અન્યે
[illegible]	ઇથ		



અભ્યાસ પાઠ બીજો.

અવસ્તાના શબ્દો.	ગુજરાતીમાં ઉચ્ચાર.	અવસ્તાના શબ્દો.	ગુજરાતીમાં ઉચ્ચાર.
[illegible]	ઉધ્ર	[illegible]	એહ્મા
[illegible]	ઉબ્ધ	[illegible]	ઓયુમ્
[illegible]	ઉશ્તા	[illegible]	નિધા


અવસ્તાના શબ્દો.	ગુજરાતીમાં ઉચ્ચાર.	અવસ્તાના શબ્દો.	ગુજરાતીમાં ઉચ્ચાર.
[illegible]	અઉર્વૈ	[illegible]	ઇથ્રૅ
[illegible]	અહુરો	[illegible]	ઇથ્રુરા
[illegible]	અંતરૅ	[illegible]	ઉક્ષન્
[illegible]	કડુરૈ	[illegible]	મજદ
[illegible]	કંગહુ	[illegible]	અહ્‌માઈ
[illegible]	આજંગહ્	[illegible]	દ્રુક્ષ્
[illegible]	આકુસ્ચ	[illegible]	ચયાકુ
[illegible]	આકુંગહુ	[illegible]	અઇરમાંસ
[illegible]	આતર્શ્	[illegible]	ઉજદાન
[illegible]	આકિત	[illegible]	ઍરૅનાઉમ્
[illegible]	આથ્વ્ય	[illegible]	અજોઇશ્

અભ્યાસ પાઠ ત્રીજો.

અવસ્તાના શબ્દો.	ગુજરાતીમાં ઉચ્ચાર.	અવસ્તાના શબ્દો.	ગુજરાતીમાં ઉચ્ચાર.
[illegible]	ઉપઇરિ	[illegible]	ઉર્વાતાઇશ્
[illegible]	આકૅરૅતિશ્	[illegible]	આસ્તૂઇતિશ્

અવસ્તાના શબ્દો.	ગુજરાતીમાં ઉચ્ચાર.
[illegible]	મનંગ્હા
[illegible]	અંગ્હેઉશ્
[illegible]	ક્ષથ્રૅમ્
[illegible]	દ્રૅગ્વાઉ
[illegible]	વંગુહીમ્
[illegible]	હ્વૅરતં
[illegible]	મવઇતે
[illegible]	સેંગ્હા
[illegible]	તરોઇદીતે
[illegible]	વાસ્તારૅમ્

અવસ્તાના શબ્દો.	ગુજરાતીમાં ઉચ્ચાર.
[illegible]	ફ્રનુથ્ર
[illegible]	શ્રુયુથ્ન
[illegible]	મઇન્યેઉશ્
[illegible]	
[illegible]	દોદરૅષતા
[illegible]	
[illegible]	તિષ્યંતત્
[illegible]	
[illegible]	પ્‌ઇત્વદથાંમ્



[illegible]

(१) [illegible]

[illegible]



(२) [illegible]

[illegible]



(3)

[illegible] (٧)

"[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]."

(४) [illegible] (४)

[illegible]

[१]

[illegible] [२]

[illegible] [१]

---

(६) [illegible] (६)

[illegible]

[illegible] [૧]

(૭) નમસ્કાર ચરાગનો.

[illegible]

[illegible] [૧]

(ત્રણ વાર પડવું.)

(८) [illegible]

[illegible] [१]

(९) [illegible]

[illegible] [१]

(१०) [illegible]

[illegible] [१]

(૧૧) [illegible]

[illegible]

[1]

(૧૨) [illegible]

માજદીઅસ્નની જરથોશતી દીન ઊપર ઈમાનદારી રાખવાનો જાહેર એકરાર.

[illegible]

[1]

(૧૩) નેરંગ આબેજર લેવાની.

[illegible] [1]

(ત્રણ વાર પઢવું.)

---

(૧૪) સરોષ બાજ.

[illegible]

[illegible]
[illegible]"

[illegible] [illegible]

[illegible] [illegible]

([illegible]) [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

([illegible]) [illegible]
[illegible]
[illegible]
[illegible]

([illegible]) [illegible]
[illegible]
[illegible]

(18) [illegible]
[illegible]
[illegible]
[illegible] (ત્રણ વખત કહેવું)

[illegible] [1]

[illegible] (પછી જાય.)

[illegible] [2]

(19) [illegible]
[illegible]
[illegible]
[illegible] [1]

[illegible]
[illegible]

(20) [illegible]

[illegible]
[illegible]
[illegible]

૨૫

જરથોશતી ધર્મ બોધ.

પાઠમાળા.

પેહેલી ચોપડી.

ખ નામે ઇજિદ.

(૧) 'અષેમ્ વોહૂ' નો સાર.

અશોઇ સર્વેથી નેક દોલત છે. અશોઇજ ખરૂં સુખ છે, માટે જે માણસ અશોઇથી ચાલીને ઉત્તમ નેકીનાં કામ કરેછે તેનેજ ખરૂં સુખ મળેછે.

પાઠ ૧.

અશોઈ—ભાગ ૧.

અશોઇ આપણો ધર્મ છે. અશોઇનો અર્થ ચોખ્ખાઇ થાયછે. ચોખ્ખાઇ બે જાતની હોયછે,—એક શરીરની ચોખ્ખાઇ અને બીજી મનની ચોખ્ખાઇ. જે માણસનું શરીર અને મન બંને ચોખ્ખાં હોયછે, અને જે નેકીનાં કામ કરેછે તેનેજ અશો કહી શકાય છે. અશોઇ ખરૂં ધન છે.

અશોઇ વિનાની સઘળી દોલત ખોટી છે; કારણ કે અશોઇ વિના ખરૂં અને હમેશનું સુખ ખરીદી શકાતું નથી. અશો માણસની દોલત જે અશોઇ છે તે સોનાં, રૂપાં, જરઝવેરાત કરતાં ઘણી કિમતી અને ઉપયોગી છે. તે દોલતનો કદી નાશ થતો નથી. તે કદી ચોરાઇ જતી નથી, અથવા ઓછી થતી નથી. તે દોલત વાપરવાથી આપણે કદાપિ ભુંડાં અને પાપી કામો કરી શકતાં નથી. તે હમેશાં નેકીનાં એટલે સારાં કામ કરવાની આપણને રૂડી સમજ આપે છે. અને નેકીનાં કામ કરીએ તોજ આપણને ખરૂં સુખ મળી શકેછે.



પાઠ ૨.

અશોઈ—ભાગ ૨.

અશોઈ ખરાં સુખની દોલત છે. અશોઈ વગર માણસ પીડા ભોગવે છે. અને તેમજ જે માણસ અશોઇવાળું હોય પણ તે પોતાની અશોઇનો ઘટતો ઉપયોગ નહી કરતું હોય તો તેબી એક સૂમની માફક કંગાલ રહેછે. અશોઇની દોલતનો ખરચ કરવાથીજ, એટલે અશોઈ શીખીને નેકીનાં કામ કરવાથીજ, માણસનું કલ્યાણ થાયછે. એક માણસ પાસે અશોઇની દોલત ગમે એટલી હોય પણ તે દોલત જ્યાં લગી તે વાપરે નહીં ત્યાં લગી તે તેને કાંઇ ગુણ કરતી નથી. ધન સંઘરી રાખનાર સૂમ કંગાલ રહેછે. તેમજ અશોઇની દોલતવાળું માણસ અશોઇની સમજ પ્રમાણે ચાલીને સારાં કામ કરતું નથી તો તે પણ કંગાલ રહેછે.

પૈસાની દોલત કેટલીએક વખતે સુખનું સાધન થઈ પડેછે ખરૂં, પણ તેમાંથી ઘણી વખતે દુઃખનું પરિણામ

નીપજવાનો ભય રહેછે. અશોઇની દોલત વાપરવાથી કદી દુઃખનો સંભવ નથી. પૈસાની દોલત હમેશાં આપણી સાથે રહેતી નથી. પણ અશોઇની દોલત હમેશે હમેશ સુધી આપણી સાથે રહેછે, અને તે વાપરવાથી આપણને ઘણો ફાયદો થાયછે. વળી અશોઇની દોલત જેમ જેમ ખરચાય છે તેમ તેમ તેમાં જરૂર વધારો થતો જાયછે; એટલે જો આપણે એક સારૂં કામ કરીએ છીએ અને તેથી આપણને ફાયદો થાયછે તો બીજાં વધારે સારાં કામ કરવાની આપણને ઉલટ આવેછે, અને આપણી અશોઇમાં ઉમેરો થાયછે.



પાઠ ૩.

અશોઈ—ભાગ ૩.

શરીરની ચોખ્ખાઈ.

શરીરને ઈજા કરનારી ચીજથી દૂર રહીએ તેમાં શરીરની ચોખ્ખાઈ છે. શરીરને ધૂળ, મટોડું અથવા નજીસ કે ગંદવાડ ભરેલી ચીજ લાગી રહેવાથી નાપાકી એટલે રોગ અને નુકસાન થાયછે. માટે છોકરાંઓનો ધર્મ છે કે શરીરને રોગ ન થાય તેટલા માટે પોતે સુઘડાઈથી ફરવું, અને ગંદાં છોકરાંની સોબત કરવી નહીં. નજીસાઈમાં ફરવું નહીં. શરીરને રોગિષ્ટ હવા અથવા કોઇની રોગિષ્ટ ચીજ લાગવા દેવી નહીં, અને લાગી હોય તો તરત સારી પેઠે ધોઇને શરીરને સાફ કરવું. શરીરને ઘણું ઉઘાડું રાખવું નહીં. કપડાં વગર ફરવું નહીં. કપડાં મેલાં કરવાં નહીં. મેલાં લુગડ શરીર ઉપર રાખવાં નહીં. ઘણું ખાવાની ટેવ રાખવી નહીં. કેફી વસ્તુ વાપરવી નહીં. ચોખ્ખી હવામાં ફરવું. સરદી

અથવા ભિનાસ વાળી જગામાં બેસવું નહીં, કેમકે દુઃખ થાય. અને જો આપણી મૂરખાઇથી શરીરને દુઃખ થાય, આપણે પીડા ભોગવીએ, અને આપણી ઉમર ટુકી થાય, તો આપણને પાપ લાગે.



પાઠ ૪.

સફાઈ—ભાગ ૪.

મનની ચોખ્ખાઇ—ભાગ ૧.

જેમ સુઘડાઇથી રહીને શરીર ચોખ્ખું રાખવાની આપણી ફરજ છે, તેમજ સદાચરણથી ચાલીને મનને ચોખ્ખુ રાખવું ઘટેછે. કારણ કે શરીર અને મન બંને ચોખ્ખાં હોય તોજ આપણી જીંદગી લાંબી થાયછે, અને આપણે ઘણું સુખ ભોગવીએ છીએ. એક ઝાડનો છોડ બહારથી ગમે એવો સુંદર દેખાવનો અને દિલપસંદ હોય, પણ તેનાં મૂળ્યાંમાં જો સળો દાખલ થયો હોયછે તો તે છોડ થોડા વખતમાં કરમાઇને મરી જાયછે. તેમજ માણસનું શરીર ગમે એવા સુંદર દેખાવનું અને સ્વચ્છ રાખ્યું હોય, પણ તેનાં મનમાં જો બદીનો સળો પેઠો હોયછે તો તે થોડા વખતમાં પીડા ભોગવીને, પેલા છોડની માફક, તે સળાનો ભોગ થઇ પડેછે. તેથી જો શરીર ચોખ્ખું હોય પણ તેની અંદરનું મન ગડલું હોય તો આપણું કારજ સરતું નથી; માટે જેમ શરીર તેમજ મન એ બંનેને એકે વખતે ચોખ્ખાં રાખવાં ઘટે છે.

મનની અને શરીરની ચોખ્ખાઇના કાયદા, આપણો પવિત્ર ધર્મ, કે જે માણસ જાતને હમેશનાં પૂરનાં સુખનો

માર્ગ બતાવવાને ખોદાએ મોકલ્યો છે, તેમાં ખુલ્લી રીતે સમજાવ્યા છે. અને એ આપણા ધર્મ પ્રમાણે શરીર અને મનની ચોખ્ખાઇ 'હુમત' એટલે સારા વિચાર, 'હૂખ્ત' એટલે રૂડાં વચન, અને 'હ્વર્શ્ત' એટલે નેક કામ, એ ત્રણ મૂલ શબ્દો ઉપર આધાર રાખેછે.

જમીન ખેડીને બી વાવે નહીં તો ધાન્ય પાકે નહીં, તેમ મન ખેડીને રૂડી શીખામણ લે નહીં તો નેકીનાં ફળ પેદા થાય નહીં. માટે ઉસ્તાદ અને માબાપ આપણને અશોઇની જે સારી શીખામણ દે તે સાંભળી, સમજીને તે માફક આપણે ચાલીએ તોજ આપણું શરીર અને મન ચોખ્ખાં થાય, આપણથી નેકીનાં કામ બને, અને આપણે સુખી થઇએ.

પાઠ ૫.

અશોઇ—ભાગ ૫.

મનની ચોખ્ખાઇ—ભાગ ૨.

સઘળા વિદ્વાનોનો નામાંકિત ઉસ્તાદ આપણો પેગમબર અશો જરથોશ્ત થઇ ગયોછે, તેણે એવો બોધ દીધોછે કે મન ચોખ્ખું રાખવું હોય તો માણસે સદા સાચું બોલવું. કદી જૂઠું બોલવું નહીં. સાચાંની સોબત કરવી. જૂઠાંની સોડે જવું નહીં. ચોખ્ખી દીઆનત રાખવી. ચોરી કરવી નહીં; ચોરીનો માલ લેવો નહી. સૌની સાથે હળીમળીને ચાલવું. કજીઓ કંકાસ કરવો નહી; ગાળાગાળી કરવી નહીં. ઉસ્તાદ તથા માબાપની તાબેદારી કરવી. તેઓની સામે બોલવું નહીં. સૌની સાથે સલૂકાઇ રાખવી. કોઇને

અપમાન કરવું નહી. સખાવત કરવી; સૌનુ ભલું ઇચ્છવું. કોઇનું બુરૂં ચાહવું નહી; કોઇને પીડા કરવી નહીં; દુઃખી ઉપર દયા આણવી; એક બીજાંને સારાં કામમાં મદદ કરવી. નમનતાઇ રાખવી. મગરૂરી કરવી નહીં; ગુસ્સો કરવો નહીં; કીનો રાખવો નહીં. વિદ્યા ભણવી. અજ્ઞાની રહેવું નહી. ઉદ્યોગી થવું. આળસ કરવી નહીં. સબુરી રાખવી. નાઉમેદ થવું નહીં. તમાંમ ચીજનો ઘટતો ઊપયોગ કરવો. ઉપયોગી ચીજને ગુમાવી દેવી નહીં. આપણી હાલત સુધારવાને વાજબી ઉપાય કરવા. કરજ કરવું નહીં, ઇત્યાદિ. એ પ્રમાણે જો બાળકો તમે ચાલશો તો ખરેખરાં સુખી થશો. અને જો એ શીખામણોથી ઉલટાં ચાલશો તો ખચીત તમને ભારે પસ્તાવો થશે.



(૨) 'યથા અહૂ વઇર્યો' નો સાર.

ખોદાની ખુશી હતી કે માણસ અશોઇથી ચાલે, એટલે રૂડી બુદ્ધિનાં કામ કરે અને સુખી થાય, તેથી આપણ ઇનસાન જાતને અશોઇ શીખવવાને તેણે અશો જરથોશતને મોકલ્યો. કારણ કે જેમ ખાવાપીવાથી શરીરનું પોષણ થાયછે, તેમ અશોઇથી આપણાં રૂહ એટલે આત્માનું પોષણ થાયછે. અને જો ખાવાપીવાનું ન હોય તો આપણું શરીર દુઃખી થાય, તેમ જો અશોઇ ન હોય તો આપણું રૂહ હમેશા દરિદ્ર રહે. અને રૂહ દરિદ્ર રહે તો આપણને કદી ખરૂં સુખ મળે નહીં. માટે

જો અશો જરથોશત જેવા મહાપુરૂષને આપણાં રૂહની પ્રતિપાળ કરવાને ખોદાએ મોકલ્યો નહીં હતે તો આપણું જીવતર ફોકટ ગણાતે; કારણ કે તે વગર આપણને હમેશાં પીડા ભોગવવી પડતે.



પાઠ ૬.

સઘળી ચીજનો સબબ ખોદા છે—ભાગ ૧.

સઘળી ચીજોનો સબબ હોય છે. તમે જે બાંક ઉપર બેઠાં છો, તે બાંક શાનો બન્યો છે ? અને કોણે બનાવ્યોછે? બાંક લાકડાંનો બન્યો છે, અને સુથારે પોતાની કારીગરીથી લાકડાંના કકડા કરી, તેઓને ગોઠવીને બાંક બનાવ્યોછે. જંગલમાં મોટાં ઝાડ ઉગેછે તેને કાપીને પછી તેનું લાકડું સુથાર પોતાનાં કામમાં વાપરેછે. ઝાડ પોતાનો મેળે થતાં નથી. જમીનમાં બી વાવીએ તોજ તે ચોકસ મુદતે ઉધરી ઉધરીને મોટું ઝાડ થાય. હવે જેમ બાંક લાકડાંનો બન્યો, લાકડું ઝાડનું બન્યું, અને ઝાડ બીના ઉધરભાવથી બન્યું, તેમ બીનો ઉધરભાવબી કોઇ સબબથી બનવો જોઇએ. તે સબબ કુદરતના કાયદા છે. અને તે કાયદાનો બાંધનાર અને ચલાવનાર ખોદા છે.



પાઠ ૭.

સઘળી ચીજનો સબબ ખોદા છે—ભાગ ૨.

ખોદાએ કુદરતના કાયદા બાંધીને ચાલુ રાખ્યા નહીં હતે તો પેલું બી ઉધરીને ઝાડ થતે નહીં, અને બાંક બના-

વવાનું લાકડું મળતે નહીં. તમે જે બાંક ઉપર બેઠાં છો તે સુથારે બનાવ્યોછે ખરો, પણ ખોદાએ જો બીને ઉધારીને ઝાડ ઉગાડયું નહીં હુતે તો સુથાર શાનો બાંક બનાવતે ? સુથાર લાકડું પેદા કરી શકતે નહીં. સઘળી ચીજને બનવાનો અને પેદા થવાનો આધાર ખોદાએ બાંધેલા કુદરતના કાયદાઓ ઉપર છે, તેથી જેમ લાકડાંનો તેમજ કુદરતની સઘળી ચીજોનો બનાવનાર અને પેદા કરનાર ખોદા છે. આપણે આ પૃથ્વી ઉપર રહીએ છીએ તેમાંની સઘળી ચીજો જેવી કે હવા, પાણી, આતશ, મીટ્ટી, ઝાડપાન, ખણીજ પદાર્થ, માણસ અને બીજાં પ્રાણી, એ સઘળું, અને એ વતરોગે આસમાન ઉપરના બીજા હજારો ગોળાઓ, જેવા કે સૂરજ, ચંદ્ર, અને અગણિત સેતારાઓ, તથા બીજી ઘણીએક ચીજો કે જે આપણે જોઇ અથવા જાણી શકતાં નથી તે સૌ ખોદાએજ બનાવી છે.

હવા, પાણી, મીટ્ટી, એવી એવી ચીજો જો ખોદાએ બનાવી હુતે નહીં તો તે ચીજો કાંઇ આપણથી બની શકતે નહીં; અને એ ચીજો વગર આપણને ચાલે નહીં, તેથી આપણ લગારે જીવી શકતે નહીં. એટલુંજ નહીં, પણ એ ચીજો વગર આપણ માણસ જાત બની શકતે નહીં. માટે સઘળી જગતનો બનાવનાર અને ચલાવનાર એકલો ખોદા છે, અને તેટલા માટે તેજ સઘળી ચીજનો ધણી છે. અને આપણનેબી તેણેજ બનાવ્યાં છે, ત્યારે આપણો ધણીબી તેજ છે.



પાઠ ૮.

ખોદાની કૃપા—માજદીઅસ્‌ની દીન.

ખોદા આપણો માલેક છે, માટે તેની મરજી માફક આપણને ચાલવું જોઇએ. ખોદાની ખુશી શું છે તે આપણી દીન અથવા ધર્મનાં પુસ્તકમાં જણાવીછે. જે દીન અથવા ધર્મ એકલા ખોદાને ભજવાનું શીખવેછે તેને 'માજદીઅસ્‌ની દીન' કહેછે. આપણી દીન 'માજદીઅસ્‌ની' એટલે એક ખોદાને માનવાનીં છે. તેમાંનાં સઘળાં ફરમાનો આપણ માણસ જાતનાં કલ્યાણને માટેનાં છે. આપણ માણસ જાતને માટે શું ભલું છે, અને શું નુકસાનકારક છે, તે જેણે આપણને તથા બીજી સઘળી પેદાયશને બનાવી છે તેજ એકલો જાણેછે. તે વગર બીજો કોઇ જાણી શકતો નથી. અને તે જે જાણે છે તે જો આપણને જણાવે નહીં તો આપણે આપણા અધુરા વિચાર પ્રમાણે આપણું સુખ શોધવામાં કેટલીએક વખતે ભૂલ કરીએ, અને તેથી સુખી થવાને બદલે સામાં દુ:ખી થઇએ. માટે ખોદાએ આપણી ઉપર મેહેરબાની કરીને આપણાં ખરાં સુખના જે કાયદાઓ આપણી માજદીઅસ્‌ની દીનમાં જાહેર કરીને અશો જરથોશતની મારફતે આપણને જણાવ્યાછે તે કાયદાઓ પ્રમાણે જો આપણે ચાલશું તો કદી ભૂલ કરીશું નહીં, અથવા દુ:ખી થઇશું નહીં.



પાઠ ૯.

માજદીઅસ્‌ની દીન શીખવાની અને પાળવાની માણુસની ફરજ.

ખોટું કરવાથી હમેશાં દુઃખ થાયછે. વળી એક ચીજ ખોટી છે એવું જયાં સુધી આપણે જાણીએ નહીં, ત્યાંસુધી તે ચીજ કરવામાં આપણને દોષ લાગતો નથી. પણ જયારે આપણે જાણીએ કે અમુક કામ કરવું ખોટું છે, તે છતાં જો આપણે તે કામ કરીએ અને દુઃખી થઇએ, તો આપણે, પાપી ઠરીએ છીએ; એટલે જેણે આપણાં હિતને માટે, આપણને તે કામ ન કરવાની શીખામણ દીધીછે, તેના કોપ અને શિક્ષાને લાયક થઇએ છીએ. તેજ પ્રમાણે ખોદાએ જે ખરૂંખોટું સમજવાની દીન આપણાં ભલાંને માટે મોકલીછે, તેની ખુબી આપણે જાણીએ તે છતાં આપણે તે પ્રમાણે ચાલીએ નહીં તો ખોદા આપણા ઉપર કોપે છે, અને આપણે હેરાન થઇએ છીએ. માટે સર્વ ઇનસાન જાતની ખોદાનાં ફરમાન પ્રમાણે ચાલવાની, એટલે માજદીઅસ્‌ની દીન શીખવાની અને પાળવાની પેહેલી ફરજ છે. આપણી ભલી માજદીઅસ્‌ની દીન અશો જરથોશત ખોદાની તરફથી લાવ્યોછે, તેથી તેને 'માજદીઅસ્‌ની જરથોશતી,' એટલે એક ખોદાને માનવાની જરથોશત પેગામબરે શીખવેલી દીન કહે છે. પેગામબરનો અર્થ સંદેશો લાવનાર થાયછે; અને મુખ્ય કરીને ખોદાની તરફનાં ફરમાન આ દુનિઆમાં જાહેર કરનાર મહા બુદ્ધિવાન અશો અને પરહેજગાર પુરૂષને પેગામબર કહે છે.



પાઠ ૧૦.

અશો જરથોશતનો એહેવાલ—ભાગ ૧.

આપણો પેગામબર અશો જરથોશત 'ઈરાણવેજ' નામના એક મુલકમાં આવેલાં 'રએ' શેહેરમાં જનમ્યો હતો. તે 'સ્પિતમ' નામના એક નામાંકિત પુરૂષનાં નામથી ઓળખાતાં એક નામીચાં ખાનદાનનો હતો. તેના બાપનું નામ 'પોરોશસ્પ' હતું. તેણે ઘણી નાની ઉમરથી વિદયાભ્યાસ કરવાનું શરૂ કીધું, અને પોતાના વખતમાં જણાયલાં સઘળાં શાસ્ત્રોનો પૂરતો અભ્યાસ કીધો. પણ તેટલી કેળવણીથી સંતોષ ન પામીને, તેણે બાજું વધારે ગ્નાન મેળવવાની ખાહેશ કીધી. તે પોતાનું ઘરબાર છોડી દઈને ઘણાં એક વરસ સુધી એકાંતવાસમાં જઈ વસ્યો, અને પોતે જે ગ્નાન મેળવ્યું હતું તેનાં, તથા પોતાની અતિશે ચપળ મનશકિતનાં બળથી, તે ખોદાની કુદરતનો અભ્યાસ કરવા મંડયો. તે અભ્યાસ કરવાથી કુદરતની સઘળી પેદાયશમાં જે કાયદાઓ પ્રથમથી ચાલુ છે તેઓનું, તથા તે કાયદાઓ ચાલુ રહેવાથી જે સઘળી ખુબીઓ નોપજે છે તેઓનું તેને ગ્નાન થયું.

કુદરતના કાયદાઓનું ગ્નાન થવા ઉપરથી, તે કાયદા બાંધનાર અને ચલાવનાર ખોદાનાં અપાર બળ અને સંપૂર્ણ ગ્નાનનો અશો જરથોશતને વિચાર આવ્યો. તેણે જાણ્યું કે આપણો તથા સઘળી જગતનો પેદા કરનાર ખોદા અનંત ગ્નાન વાળો છે, તેથી તેણે આપણને બનાવવામાં અશોઇથી ચાલવાની જે સૌથી પેહેલી શુભ નેમ રાખી છે તે નેમ પ્રમાણે ચાલવાથીજ આપણે તેનો પ્યાર મેળવી

શકીએ; અને તેનો પ્યાર આપણો ઉપર નહીં હોય તો આપણે કદી સુખી થઇએ નહીં. એ પ્રમાણેનું ગ્નાન થવા પછી, તેનું મન ઘણું બળવાન થયું, અને તે એવો તો અશો અને પરહેજગાર બન્યો કે તેને ખોદાની તરફથી ગેબી આગાહી મળવા લાગી, અને ખોદાની ખુશી શું છે તે તેને પોતાની મેળે જણાવા લાગ્યું. એવું ભલું મન કે જેને આપણે 'બેહમન' કહીએ છીએ તે, તથા ખોદાની તરફની ગેબી આગાહી કે જેને 'સરોષ' કહેછે તે બંનેની મદદથી તેણે પોતાનાં મનની આંખે ખોદાને જોયો, તેના હુકમો સાંભળ્યા, અને આપણી ભલી માજદીઅસ્ની દીન આપણાં કલ્યાણને માટે આ દુનિઆમાં જાહેર કીધી. અને એ પ્રમાણે 'યથા અહૂ વઈર્યો' માં જણાવેલો, અશો જરથોશતને આ દુનિઆમાં પેગામબર કરીને મોકલવાની ખોદાની સૌથી પેહેલી નેમ તેણે પૂરતી રીતે પાર પાડી. તેનાં જેવું બુદ્ધિવાન અને પરહેજગાર મન (બેહમન) આજ સુધી કોઇનું થયું નથી અને હવે પછી થશે પણ નહીં.



પાઠ ૧૧.

અશો.જરથોશતનો એહેવાલ—ભાગ ૨.

માજદીઅસ્ની જરથોશતી દીનનું ખરાપણું.

ખોદાએ અશો જરથોશતને માજદીઅસ્ની દીન આપાને મોકલ્યો તેવોજ તે ઇરાણના શાહ 'કએ ગુશતાસ્પ' ની આગળ આવ્યો, અને પોતે જે દીન લાવ્યો હતો તે વિષે પાદશાહને વાકેફ કીધો. પાદશાહ તથા તેના દરબારીઓ અશો જરથોશતનાં ઉત્તમ ગ્નાનથી એવા તો અજબ થયા

કે તેઓએ તેની દીનમાં શું છે તે જાણવાની ઇચ્છા કીધી. અશો જરથોશતે તેઓને કહ્યું કે હું મારી દીન ખોદાની તરફથી લાવ્યો છું, અને મારી મતલબ એજ છે કે એ દીનનાં ફરમાનોની ખુબી માણસ પોતાના કાને સાંભળે, અક્કલથી પીછાણે, અને પછી એ દીન પાળે. મારી મતલબ કાંઈ એવી નથી કે હું જે તમને કહું તે ઝટ માની દેવો. જોકે હું મારી દીન ખોદાની તરફથી લાવ્યો છું, તોપણ તમારી તે વિષે ખાતરી થવી જોઇએ. માટે હું જે કહું છું તે ઉપર વિચાર કરો, અને વિચાર કરવાથી • તમારી ખાતરી થાય કે મારી દીન પ્રમાણે ચાલવામાં તમારૂં ખરૂં કલ્યાણ થશે તોજ તમે મારી દીન ઉપર ઈમાન લાવજો. એવું સાંભળીને પાદશાહે દેશ દેશના ભણેલા માણસોને ખાસ નોતરૂં કરીને પોતાની દરબારમાં ભેગા કીધા, અને તેઓ પાસે અશો જરથોશતની દીનની તપાસ કરાવી. અશો જરથોશતે તેઓની સાથે ગંભીરાઈથી તકરાર કરીને પોતાની દીનનું ખરાપણું સાબેત કરી આપ્યું; તેથી પાદશાહ પેહેલો અને પછી તેની રાણી અને પછી તેના દીકરાઓ, એની દીન પ્રમાણે ચાલવાને કબૂલ થયાં. પેહેલાં તેઓએ પોતે માજદીઅસ્ની જરથોશતી દીન કબૂલ કીધી, અને પછી સઘળાં લોકોને તે દીનની ખુબી સમજાવવામાં અશો જરથોશતને મદદ કીધી, તેથી થોડા વખતમાં દેશેદેશ માજદીઅસ્ની જરથોશતી દીનનો ફેલાવો થઈ ગયો. એવી રીતે આગળા વિદ્વાનોની બારીક તપાસ ઉપરથી આપણી દીન ચાલુ થઇછે. અને હાલમાં પણ સઘળા પ્રમાણિક વિદ્વાન પુરૂષોનું એવુંજ ખાતરી ભરેલું મત છે કે આપણી માજદીઅસ્ની જરથોશતી દીન એજ ખરેખરી ભલી દીન છે.



પાઠ ૧૨.

ખોદાની મહાશક્તિ વિષે.

આપણી ભલી માજદીઅસ્નીની દીનમાં ખોદાને 'અહુર મઝ્દ' એટલે સઘળી જગતનો બનાવનાર, મહા બળવાન હસ્તીનો સાહેબ, એવા શબ્દોથી જણાવ્યો છે. ખોદા કેવો છે તે આપણે જોઇ શકતાં નથી. પણ ખોદાની પેદા કીધેલી કુદરતનાં ગ્નાન ઉપરથી, અને ખોદાની તરફથી મળેલી ગેબી આગાહીઓ ઉપરથી, તેની મહાશક્તિ વિષે અશો જરથોશતે જે આપાગુને બોધ આપ્યોછે, તે ઉપરથી ખોદાના ગુણો વીશે આપણને જોઇતો વિચાર આવી શકેછે. અશો જરથોશત કહેછે કે,–ખોદા હમેશે હમેશ સુધી રહેનારો છે. તેનો જન્મ નથી તથા તેનો છેડોબી નથી. તેણેજ સૌને પેદા કીધાં હતાં, તેજ હાલમાં પેદા કરેછે, અને હવે પછીબી તેજ પેદા કરશે. તે અતિશે ગ્નાની છે. તેનાં ગ્નાનનું માપ કોઇથી થઇ શકે નહીં. તે પોતે અશો છે, તથા જેઓ અશોઇથી ચાલેછે તેઓને તે ઘણો પસંદ કરેછે, અને તેઓને આ જીંદગીમાં તથા હવે પછાની જીંદગીમાં ઘણું સુખ આપેછે. તે પોતાની મરજીમાં આવે તેવી રીતે હકુમત ચલાવેછે. તેની મરજીને આડે આવનાર કોઇ નથી. તે પોતે જે ચાહેછે તે કરે છે, પણ તે કદી ખોટું કામ કરતો નથી. તે અતિશે નૂરી છે, અને સૂરજ, ચંદ્ર, તારાઓને ચળકતા તથા રોશન તેણેજ કીધાછે. આપણને તથા આ દુનિઆની બીજી સઘળી ચીજોને તેણેજ બનાવીછે. તે સૌનો ઇનસાફ કરનાર છે. પાપી તથા જૂઠાં માણસને તેજ શિક્ષા કરેછે. તે જેમ સવાબ અથવા પુણનાં કામ કરનારને ઘણો ચાહેછે, તેમ તે ગુનાહનાં

અથવા ખોટાં કામ કરનારને ઘણો ધિક્કારે છે. તે સર્વેથી ખુદાવંદ, સર્વેથી નેક અને સર્વેથી મોટો છે. તે સર્વેથી અક્કલમંદ, સર્વેથી પ્રમાણિક અને સર્વેથી ચઢતો છે. તે ગેબી છે, એટલે તે આપણને દેખાતો નથી, પણ આપણે જે વિચારીએ, બોલીએ અને કરીએ તે સઘળું તે જુવેછે અને જાણેછે. ખોદાના એવા એવા ઘણાએક ગુણો અશો જરથોશતે આપણને શીખવ્યાછે.

---

(૩) 'ફ્રેમ્ના મજ્દા' નો સાર.

ઓ અહુરમજદ ખોદા! દુનિઆમાં અશોઇનો વધારો તારા 'બેહમન' અને 'આદર' થી થાય છે. 'બેહમન' થી માણસને ખાલેસ બુદ્ધિ મળી શકે છે. અને 'આદર' થી માણસ ઘરબારનું સુખ ભોગવી શકેછે. એ બંનેની મદદથી માણસ બદીને તજીને અશોઇની રાહ ઉપર ચાલવાને શકિતવાન થાયછે. અને એઓની મદદ વિના તે જરૂર દુનિઆઇ લોભ લાલચમાં ફસી પડીને બુરાં કામ કરેછે. માટે એ 'બેહમન' અને 'આદર' વિષે માજદીઅસ્નો દીનમાં તેં જે જ્ઞાન આપ્યું છે તે હું પૂરતી રીતે શીખું એવી તું મને રૂડી સમજ આપ. ઓ ખોદા! તું મારી ઉપર એવી મેહેરબાની કર કે હું દીન સમજી, બુદ્ધિવાન થઇને મારાં કુટુંબ પરિવાર સાથે સુખ ભોગવું, કે તેમ જો થાય તો મારીથી બદીની સામે લડવાનું બની શકે. બદી દરેક ખરા જરથોશતીનો શત્રુ

છે. અને તે શત્રુને મારીને દૂર કરનાર તારી દીનના અજમતી કલામો છે. માટે તે તારી દીનના સખુનોની ખુબી જાણવા સારૂ તું મને હમેશાં એક એવા દાનાવ દસ્તુરની મદદ આપતો રહે, કે જેના 'બેહમન' થી, અને જેની ખુબી ભરેલી ચાલ ચલણના શુભ બોધથી મને તારો 'સરોષ' મળે, અને તારા હુકમો શું છે તે તારા 'સરોષ' ની મારફતે જાણીને હું હમેશાં તારી ખુશીનાં કામો ઇમાનદારીથી કરતો રહું.

હમો માજદીઅસ્તી જરથોશતીઓને દરેક સંકટમાંથી બચાવી લેનાર એકલો એક અહુરમજદ અને તેણે પેદા કીધેલી આ એક સરખે કાયદે ચાલનારી ધરતી છે; કારણ કે, જે માણસ માજદીઅસ્ની દીનનાં ફરમાન મુજબ ચાલે છે, તેને ખોદાએ ઠરાવેલા કાયદા પ્રમાણે આ દુનિઆમાં આપોઆપ સુખ મળે છે. તેથી હમારી દોઆ એજ છે કે સઘળી નાપાકી અને સઘળું જૂઠું બરબાદ થાય અને હમારીથી દૂર જઇને પડે.

પાઠ ૧૩.

આપણને ખોદાને જવાબ દેવો છે.

દુનિઆમાં જે સઘળી ચીજો છે તેનો કદી નાશ થનાર નથી. જે દરેક ચીજને આપણે નાશ થતી ધારીએ છીએ તે ખરેખર નાશ થતી નથી, પણ એક હાલતમાંથી બીજી

હાલતમાં બદલાયછે. બાકી ચીજો બદલાઇને પાછીખાક થાયછે, અને ખાકમાં મળી જવા પછી ફરીને તરેહવાર રૂપ લે છે. આપણા આત્માનો પણ નાશ થતો નથી. આપણું શરીર આપણથી છૂટું પડવા પછી શરીરની હાલતમાંથી મોટ્ટીની હાલતમાં જાયછે, અને પછી બીજાં રૂપ લે છે. આપણો આત્મા શરીરથી છૂટો પડવા પછી બીજી હસ્તીમાં જાયછે, અને ત્યાં તેને શરીરની હાલતમાં કીધેલાં કરતુકોનો ખોદાને જવાબ દેવો પડે છે. આપણું શરીર થોડા વખતનું છે, આપણો આત્મા હમેશનો છે.

આપણે જાણીએ છીએ કે ખોદા સર્વશકિતવાન છે. તેનાથી ચઢતો અથવા તેની બરાબરનો કોઈ નથી. તે જે ચાહેછે તે કરી શકેછે. તેણે જેમ આપણને આ દુનિઆમાં શરીર આપીને પેદા કીધાંછે, તેમજ તે આપણને આ દુનિઆમાંથી શરીરને છૂટું પાડીને બોલાવી લેવાને પણ શકિતવાન છે. અને જયારે તે આપણને બોલાવી લેશે, અને આપણે બીજી હસ્તીમાં જશું, ત્યારે આપણાં સારાં અથવા નરસાં કરતુકો જે આપણે દરરોજ કરીએ છીએ અને તે જાણેછે, તે સઘળાં કરતુકોને માટે તે આપણને પૂછશે તેમાં શક નથી. કારણ કે, જોકે ખોદા પોતે 'મીનો' એટલે તમામ પેદાયશને અદીઠ છે, તોપણ તે પોતાની સર્વશકિતની ખુબીથી બધે ઠેકાણે હાજર છે. અને આપણે તેને જોતાં નથી તો પણ તે આપણને હમેશાં જુવે છે, અને આપણાં સઘળાં કામોની યાદ રાખેછે. વળી આપણાં આ દુનિઆમાંથી ગુજર કરવા પછી તે આપણને આપણાં કામોનો પૂરતો બદલો આપેછે. માટે જો આપણે આપણા અશો પેગામબરે શીખવેલાં ખોદાની ખુશીનાં કામ કરશું તોજ તે આપણને

હવે પછીની જીંદગીમાં હમેશનું સુખ આપશે. અને નહીં તો આપણને આપણી કસુરને લીધે ઘણું દુઃખ સોસવું પડશે.

પાઠ ૧૪.

અશોજરથોશતની બુજોરગી—ભાગ ૨.

બીજી સઘળી વરણના પેગામબરોમાં આપણો પેગામબર પેહેલો છે. કારણ કે તે સઘળાઓના હજારો વરસ અગાઉ આપણા પેગામબરે ભલો માજદીઅસ્ની જરથોશતી ધર્મ દુનિઆમાં જાહેર કીધો છે. નેકીથી ચાલવાના અને બદીથી દૂર રેહેવાના, તથા બદીનો તિરસ્કાર કરીને તેને તોડવાના કાયદાઓ, જેમાં આપણા ધર્મનો અને સઘળી નીતિનો પૂરો મર્મ સમાયલો છે, તે કાયદાઓ જેવા અક્કલ પસંદ રીતે અશો જરથોશતે સમજાવ્યા છે, તેવા બીજા થોડાજ ધર્મો સમજાવે છે. આપણા આત્માનું જે ગુજરાન થાયછે, એટલે તેને સુખ અને સલામતી મળી શકે છે, તે અશો જરથોશતનાં ફરમાન પ્રમાણે ચાલવાથીજ થાયછે. તે ફરમાનો વગર આપણો આત્મા હમેશ સુધી દરિદ્ર રહે એવું સિદ્ધ થઈ ચુક્યું છે. માટે અશો જરથોશત ખરેખર સઘળા સત્કર્મિ લોકોના આત્માનો પ્રતિપાળ કરનાર છે. ઇનસાનની સૌથી પેહેલી ફરજ ખોદાને ભજવાની છે, તેમ તેની તેથી ઉતરતી ફરજ ખોદાના પેગામબર અશો જરથોશતનો આભાર માનવાની છે. ખોદાએ આપણને સૌને પેદા કીધાં છે, આપણાં સુખને માટે સઘળી ચીજો બનાવી છે, અને અશો જરથોશતની મારફતે, સઘળી ચીજોનો ઘટતો ઉપયોગ કરીને સુખ મેળવવાનો રૂડો માર્ગ આપણને બતાવ્યો

છે. ખોદા સર્વેથી ચઢતો છે. ખોદાની ખુશ્નોરગીથી ઉતરતો અને સઘળી હયાતી વાળી પેદાયશમાં પેહેલો મરતબો ધરાવનાર અશો જરથોશત છે. અને અશો જરથોશતના મરતબાથી ઉતરતો આપણને બંને જીંદગીમાં સુખથી રેહેવાની શુભ કેળવણી આપનાર દસ્તુર એટલે અશો ધર્મગુરૂ છે.



પાઠ ૧૫.

અશો જરથોશતની ખુશ્નોરગી—ભાગ ૨.

ખોદાએ કુદરતની ચીજો માણસનાં સુખ અને સગવડને માટે બનાવી છે ખરી, પણ તે ચીજોનો ઉપયોગ કરીને માણસ સારે માર્ગે ચાલે એવી નેમથીજ ખોદાએ તેઓને બનાવી છે. માણસ તેઓનો ઉપયોગ કરે અને આડી ચાલ ચાલે એવી ખોદાની ખુશી નથી. આગળા વખતમાં જ્યારે આપણી માજદીઅસ્ની જરથોશતી દીન નહીં હતી, ત્યારે કુદરતને કેટલોએક વખત સુધી અણગમતું હતું. પણ જેવો અશો જરથોશત દીન લાવ્યો કે તરત સઘળી કુદરત મગન થઈ હતી, અને તેને હરખથી જાણે વાચા આવી હોય તેમ તે મુબારકબાદીનાં મધુર ગાયન ગાતી સંભળાતી હતી. તે એમ બોલતી દેખાતી હતી કે, ધન છે અશો જરથોશતને, કે તેણે કુદરતને ભાવતું કરી આપ્યું. તેણે માણસને માજદીઅસ્ની દીનની બક્ષેશ કરીને સઘળી ચીજોનો ઘટતો ઉપયોગ કરવાનું શીખવ્યું. તેણે બદીને તોડીને દૂર કીધી, અને નેકીને માટે રસ્તો ખુલ્લો કીધો. તેણે દુનિઆને હસતે મોઢેની કરીને તેનું સઘળું સંકટ કાપ્યું, ઇત્યાદિ!! એવી રીતે અશો જરથોશતના વખતમાં

તથા ત્યાર પછી ઘણી લાંબી મુદત સુધી આપણાં નેક વડાઓ અશો જરથોશતના ફરમાનને બરાબર અનુસરીને ચાલતા હતા તેથી કુદરત આબાદ તથા રળિઆમણી રહી હતી; અને તેના દેખાવ ઉપરથી જાણે તે ઉપર કહેવા પ્રમાણે મુબારકબાદોના પોકાર કરતી હોય એવી દેખાતી હતી; અને દુનિઆમાં સઘળે ઠેકાણે સુખ અને શાંતી પથરાયલી હતી. ત્યારે આપણને પણ આપણી બનતી કોશેશથી, અશો જરથોશતનાં ફરમાનોને લાંબા જમાનાનાં અંધારાંમાંથી રોશનીમાં લાવીને તે પ્રમાણે અમલ કરવો ઘટેછે, કે તેથી કુદરત પાછી આબાદ થાય, અને આપણી ઉપર હાલે જે વિપત્તી ગુજરે છે તે દૂર થાય.

---

(૪) 'અહુરમજ્દ ખોદાએ' ની સમજુતી.

તમામ પેદાયશનો મહાબળવાન બનાવનાર અને હમેશે હયાત રહેનારો માલેક ખોદા, સઘળી બદી તથા નાપાકીનું મૂળ જેને આપણે 'એહરેમન' એવાં નામથી ઓળખીએ છીએ, તેને અશક્ત કરીને દૂર અને પાછો રાખનાર છે. એહરેમન તથા તેની તરફદારી કરનારાં પાપો નર નારીઓ, તથા સઘળી બુરી ચીજો અને બુરા ખવાસો મારેલાં તુટેલાં થાઓ! ખરા માર્ગથી ઉલટા ચાલનારાઓ, દેખતા આંધળાઓ, સાંભળતા બેહેરાઓ, જુલમગારો, પાપીઓ, અશોઇની આડે આવનારા આશમોગો, દરવંદો અને દુશમનો મારેલા તુટેલા થાઓ! બુરા હાકેમો અશક્ત થાઓ! દુશમનો નબળા થાઓ!

ઓ અહુરમજદ ખોદા, મારા તમામ ગુનાહનો હું પસ્તાવો કરૂંછું, અને તારી પાસે માફી ચાહુંછું. હરેક જાતના બુરા વિચાર, બુરી વાણી અને બુરાં કામ—જે મેં આ દુનિઆમાં વિચાર્યાં હોય, હું બોલ્યો હોઉં અને મેં કીધાં હોય, અને તેથી મને ગુનાહ લાગુ પડયો હોય, અને જે ગુનાહ મને સમજમાં આવ્યા પછી લાગુ પડતો આવ્યો હોય, તે સઘળા ગુનાહને માટે મારાં ખરાં દિલથી દલગીર થઇને હું પશ્ચાતાપ કરૂંછું; અને મારાં તન તથા મનની બનતી કોશેશથી ફરીને તેવાં કામ કદી નહીં કરવાનો કબુલાત આપુંછું; વાસ્તે, ઓ ખોદા! મારા સઘળા ગુનાહ માફ કર.



પાઠ ૧૬.

ગુનાહના પસ્તાવા વિષે.

હમેશાં સાચની ફતેહ હોયછે. ખોદા સાચો છે, અને તેની સામે કાંઈ પણ જૂઠું અથવા બુરાઈ ટકી શકતી નથી. તે સઘળી બદીને તોડે છે, અને પાપીને શિક્ષા કરેછે. માણસ ભૂલને લાયક હોય છે. ઘણી વખત ગ્નાની માણસથી ગફલતથી ભૂલ કરી શકે છે. તેનાં મનમાં બુરા વિચાર આવી જાયછે. તેનાં મોંથી વાંકું બોલાય છે. અને તેના હાથથી આડાં કામ થઇ જાયછે. પણ તે વેળાએ તેની તેને કાંઇ ખબર રહેતી નથી. માટે જયારે વારેઘડીએ એ પ્રમાણે ગફલતથી ગુનાહ થઈ શકે છે, ત્યારે દર વખતે તેવા ગુનાહને

વાસ્તે પસ્તાવો કરવાની અને ખરાં જીગરથી દલગીર થવાની માણસની ફરજ નક્કી થાયછે. વળી કેટલાએક ગુનાહ આપણાં અજ્ઞાનપણાંથી થાય છે. જ્ઞાન વગર રહેવું એ આપણા ધર્મથી ઉલટું છે ખરૂં, પણ સઘળું જ્ઞાન કાંઈ એકદમ મળી શકતું નથી. માટે આપણે પૂરતું જ્ઞાન મેળવીએ તેની અગાઉ આપણાથી ગુનાહ થાય, અને જ્ઞાન મળવા પછી તે વિષે આપણે જાણીએ કે તરત પસ્તાવો કરવો ઘટે છે; અને જો તે પ્રમાણે પસ્તાવો કરવા પછી, આપણે તેવો ગુનાહ ફરીથી કદી નહીં કરીએ તોજ ખોદા આપણને માફ કરેછે. જો કોઇ માણસ એક વખત ગુનાહનો પસ્તાવો કરીને ફરીથી તેવોજ ગુનાહ કરેછે તો ખોદા તેને ભારે શિક્ષા કરેછે; કારણ કે જે કોઇ એમ કરેછે તે ખોદાને ઠગવાની પાપી યુક્તિ કરેછે, અને તેથી ખોદા ઘણો કોપેછે.



(૫) 'ક્ષનઑથ્ર' નો અર્થ.

અહુરમજદની ખુશી અને એહરેમનનો તિરસ્કાર એ સાચા જરથોશતીઓની સર્વેથી મોટી અને પેહેલી ઇચ્છા છે.



(૬) 'મજ્દયસ્નો અહ્મિ' નો અર્થ.

પહોંચ મારી મદદે ઓ અહુરમજદ ! હું ખોદાપરસ્ત છું. અશો જરથોશતે શીખવેલા ખોદાપરસ્તી ધર્મ ઉપર ઇમાન લાવવાનું અને તે ધર્મનો જાહેરમાં

એકરાર કરવાનું હું પસંદ રાખુંછું. નેક વિચાર, નેક વાણી અને નેક કરણી રાખવાનું હું ઇમાન ધરાઉંછું. ભલી માજદીઅસ્ની દીન ઉપર હું પૂરતો વિશ્વાસ મૂકુંછું; કારણ કે એ દીન સઘળો ઝગડો મટાડનારી, વિરૂદ્ધ તકરાર કરનારને મજબૂત દલીલનાં હથિઆરથી તોડનારી, અહુરમજદની સાથે સંબંધ કરાવનારી, સ્વતંત્રપણું શીખવનારી અને અશોઇથી ભરપૂર છે. એ દીન હાલમાં જે બીજી દીનો છે, અને હવે પછી થશે, તે સઘળીઓ કરતાં ઘણી મહાભારત, ઘણી નેક, અને ઘણી ચઢતી છે. અને એનું નામ અહુરમજદી જરથોશતી દીન છે. સઘળું સુખ અહુરમજદ આપેછે એમ હું ખાતરીથી જાણુંછું. જે પ્રમાણે હું માજદીઅસ્નો દીનનો એકરાર કરૂંછું તે પ્રમાણે સઘળાં સજ્જનો કરજો !



(૧૨) 'રજીશ્તયાડ' નો સાર.

જે ભલી જરથોશતી દીનમાં દાખલ થવાની હું ઉમેદવારી ધરાઉં છું તે એકલા એક ખોદાની પરસ્તેશ કરવાનું શીખવેછે. એ દીન સાચી અને અક્કલ સાથે તાલુકો રાખનારીછે. એ દીનમાં કાંઇ પણ ખામી નથી, કારણ કે ખુદ ખોદાએ પોતે, માણસ જાતનાં કલ્યાણને ખાતર, એ દીન અશો જરથોશતની મારફતે મોકલાવીછે.

માટે હું મારાં સઘળાં ભલાંને કોજે મારાં ખરાં દિલથી એ દીન પ્રમાણે ચાલવાનો જાહેરમાં એકરાર કરૂંછું.

પાઠ ૧૭.

નવજોત.

'નવજોત'નો અર્થ નવો જોતી એટલે જરથોશતી ધર્મમાં દાખલ થઇને તે ધર્મનાં ક્રિયાકાનુનમાં નવો ભાગ લેનાર થાયછે. આપણી ખોદા તરફની અને ઇનસાન તરફની ફરજો અદા કરવાનું જરથોશતી માજદીઅસ્ની દીનનાં મુળતત્વોનું ગ્નાન મેળવીને, તે દીનમાં દાખલ થવાની પેહેલી પરીક્ષામાં જ્યારે આપણે પસાર થઇએ છીએ, ત્યારે જે મરતબો અથવા ખેતાબ આપણને મળેછે તેને નવજોત કહેછે. એ ખેતાબની સાથે એક સરપાવ આપવામાં આવેછે, તેમાં એક પહેરણ અને એક કમ્મરબંદ હોયછે. પહેરણને આપણને 'સુદરેહ' કહીએ છીએ, અને કમ્મરબંદને 'કુશતી' કહીએ છીએ. સુદરેહનો અર્થ ફાયદા ભરેલો માર્ગ કરવામાં આવેછે. અને આપણને સુદરેહ પહેરાવેછે તે આપણને જરથોશતી ધર્મના ફાયદા ભરેલા માર્ગની ઇધાણી આપવામાં આવેછે, કે જે ઇધાણીને લીધે આપણને લોકો જરથોશતી તરીકે પીછાણેછે. સુદરેહ સફેદ હોવો જોઇએ. અને સઘળાં કપડાંમાં રૂનું કાપડ વધારે સફેદી પકડી શકેછે, માટે સુદરેહ રૂનાં કપડાંનો બનાવેછે.

પાઠ ૧૮.

સુદરેહ.

આપણો ધર્મ જેમ આપણાં દિલને ચોખ્ખું રાખવાને ફરમાવેછે, તેમ આપણે આપણાં દિલને કાંઇપણ પાપના ડાઘ વગરનું રાખીએ છીએ તેની ગવાહીને માટે આપણે શરીર ઉપર સફેદ સુદરેહ પહેરીએ છીએ. વળી રૂનાં સફેદ કપડાં-નોજ આપણે સુદરેહ પહેરીએ છીએ તેની બીજી મતલબ એ કે જેમ સફેદ કપડાં ઉપર લગારે ડાઘ પડીઓ હોયછે તે જણાઇ આવેછે, તેમ આપણો સફેદ સુદરેહ બતાવી આપેછે કે આપણું દિલ એવું સાફ અને ચોખ્ખું છે કે તેની ઉપર પાપનો જરાએ ડાઘ પડતાં વાર આપણને તે માલમ પડી આવેછે; અને કપડાંની ઉપર પડેલા ડાઘની માફક આપણે તેને ધોઇ કાઢીએ છીએ. બીજું એ કે રૂનાં કપડાં ઊન અ-થવા રેસમનાં કપડાં કરતાં મેલ થોડો પકડી શકેછે અને તે સાથે સૌને તે મેળવવાને સેહેલ પડેછે.

સુદરેહ ઉપર 'ગીરેહબાંન' હોયછે. ગીરેહબાંનનો અર્થ ઇમાન અથવા વિશ્વાસ થાયછે. અને તે એવું બતાવે છે કે આપણે જે જરથોશતી ધર્મ અખત્યાર કીધોછે તે તેની ખુબી શીખી સમજીને પછા પૂરતાં ઇમાનથી અખત્યાર કીધોછે.

પાઠ ૧૯.

કુશ્તી.

નવજોતના સરપાવમાં સુદરેહની સાથે બીજી જે ચીજ આપવામાં આવેછે તેને કુશ્તી કહેછે. કુશ્તીનો અર્થ

કમ્મરબંદ અથવા હદમાં રાખનારો પટો થાયછે. એ કુશ્તી કમ્મર ઉપર બાંધવાથી આપણે એવું બતાવીએ છીએ કે આપણા ધર્મનાં ફરમાન પ્રમાણે બંદીપણે ચાલવાને આપણે કમ્મર બાંધીછે; અને એ કમ્મરનો પટો આપણને સચાઇની હદમાંથી બહાર જતાં અટકાવેછે. કુશ્તી મેંઢાંનાં ઊનના બોંતેર તારને વણીને બનાવેછે, તેનું કારણ એ કે જેમ મેંઢું નિર્દોષ છે અને કોઇને દુઃખ દેતું નથી, તેમ દરેક જરથોશતીએ પણ નિર્દોષ રહેવું જોઇએ. અને આપણી સર્વથી મોતેબાર બંદગી જે ઇજશને તેનાં બોંતેર પ્રકરણો છે તે સઘળાં પ્રકરણોનાં દરેક ફરમાનને આપણને ખરાં દિલથી માનવું જોઇએ. કુશ્તીની છ લરી હોયછે તે વિષે એવું સમજાવવામાં આવેછે કે પૃથ્વી સૂરજની આસપાસ ફરવાથી જે છ 'ગાહમબાર' એટલે મોસમ થાયછે, તે છ મોસમવાળી આ દુનિઆમાં આપણે વસીએ છીએ. કમ્મર ઉપર કુશ્તીના ત્રણ આંટા વિંટાળીએ છીએ તેનો ખુલાસો એ કે આપણ જરથોશતીઓ 'હુમત,' 'હૂખ્ત' અને 'હ્વર્સ્ત'ની હદમાં રહીએ છીએ, અને તેથી ઉલટા જતા નથી.

કુશ્તીને જે ચાર ગાંઠ વાળવામાં આવેછે તે દરેક ગાંઠ વાળતાં આપણાં મનમાં આપણે ચાર જૂદા જૂદા વિચાર કરીએ છીએ. પેહેલો ગાંઠ વાળતાં આપણે દરેક જરથોશતી એવું વમાસીએ છીએ કે ખોદા એક છે, તેની બરાબરનો બીજો કોઇ નથી, અને તેનેજ આપણે માનીએ છીએ. બીજો ગાંઠ વાળતાં એમ વમાસીએ છીએ કે આપણી માજદીઅસ્ની દીન સાચી છે. ત્રીજો ગાંઠ વાળતાં એમ વમાસીએ છીએ કે આપણો પેગામબર અશો જરથોશત સાચો છે. અને ચોડો ગાંઠ વાળતાં એવી કબુલાત આપીએ છીએ કે

હુશીઆરીથી બને તેમ નેકીનાં કામ કરીએ, અને બદીનાં કામથી દૂર રહીએ.

પાઠ ૨૦.

કુશ્તી બાંધવાની ક્રિયા.

દરેક જરથોશતીની ફરજ છે કે કોઇ પણ નજીસ જગામાં હાજતને સારૂં જઇ આવવા પછી, કોઇ પણ પાપી અથવા દરવંદ અથવા બીમારને અડકવા પછી, કોઇ પણ નસાની એટલે મુરદાર ચીજને પોતાની નજદીક જોવા પછી, તથા ઉંઘમાંથી જાગવા પછી ઘટતી રીતે 'પાદીઆબ' કરીને કુશ્તી કરવી. પાદીઆબ શબ્દનો અર્થ પાણીએ કરીને ચોખ્ખું કરવું થાયછે. શરીરના ખુલ્લા ભાગ જેવા કે હાથ, મોઢું અને પગ એઓને સારી પેઠે પાણીએ ધોઇને સાફ કરવાનાં કામને પાદીઆબ કહે છે. પાદીઆબ કરવાથી આપણાં શરીરની ચોખ્ખાઇને જે નુકસાન થયું હોય છે તે મટી શકે છે, વળી ઓદાની બંદગી કરતી વખતે પૂરતી પાકી રાખવી જોઇએ, માટે દરેક બંદગી કરતી વખતેબી પાદીઆબ કુશ્તી કરવાની ફરજ છે.

પેહેલાં 'ક્ષનઓથ્ર અહુરહે મજ્દાઉ અષેમ્ વોહૂ• ૧)' પઢીને પછી મોં બીડીને પાદીઆબ કરવા જોઇએ; કેમ જે નહીં તો તે મોઢું ધોએલું મેલું પાણી મોઢાંમાં જાય અને આપણને અસુખ થાય. ત્યાર પછી મોઢું લૂછીને 'કેમ્ના મજ્દા' પઢી જવી. 'કેમ્ના મજ્દા' આખી પઢો રહીને કુશ્તી છોડવી. પછી 'અહુર મજ્દ ઓદાએ' પઢતાં કુશ્તી બેવડી કરીને ડાબા હાથના અંગુઠામાં ભેરવી જમણે હાથે પકડી

રાખવી, અને 'ક્‌નઑઇ્ર' પઢતાં કમ્મર ઉપર વિટાળવી. પેહેલી 'યથા અહૂ વર્યો' માં 'શ્કયઓથનનાંમ્‌' પઢતાં એક આગળો ગાંઠ વાળવો. બીજી 'યથા અહૂ વર્યો' માં 'શ્કયઓથનનાંમ્‌' પઢતાં બીજો આગળો ગાંઠ વાળવો. 'અષેમ્‌,' પઢતાં એક પાછલો ગાંઠ વાળવો; અને 'ઉરતા અહૂમાઇ' પઢતાં બીજો પાછલો ગાંઠ વાળવો. એ પ્રમાણે ચાર ગાંઠ વાળવા, અને આગળા પાઠમાં દરેક ગાંઠ વાળતાં જે વમાસવાનું શીખવ્યું છે તે વમાસવું. પછી સર નમાવીને 'જસ મે' પઢી જવી.

જો દિવસનો વખત હોય તો સૂરજની તરફ અને રાતનો વખત હોયતો દીવાની તરફ મોઢું કરીને કુસ્તી કરવી જોઇએ. કારણ કે આપણે જે કાંઈ ભણીએ છીએ તેમાં આપણે એકલા એક ખોદાનીજ સ્તુતિ કરીએ છીએ, પણ ખોદા પોતે અદીઠ છે તેથી તેના ગુણો રૂબરૂ જોઈ લેવાને આપણે શક્તિવાન નથી. તેના ગુણો કેવા ઉત્તમ છે તે તેણે પેદા કીધેલી ચીજોમાં તેણે જે કારીગરી વાપરી છે તે ઉપરથી આપણે જાણીએ છીએ. અને તેની ઉત્તમમાં ઉત્તમ કારીગરી સૂરજ, ચંદ્ર, આતશ અને પાણીમાં માલમ પડેછે. માટે બંદગી કરતી વખતે તેના ગુણોનો વિચાર આપણાં મનમાં લાવવા સારૂં આપણે ઉપલી કોઈ પણ વસ્તુની સન્મુખ ઉભા રહીએ છીએ. તેઓનો સન્મુખ ઉભા રહીને આપણે જે બંદગી કરીએ છીએ તે કાંઇ તેઓની નહીં પણ જેણે તેઓના જેવી ઉત્તમ ખુબી વાળી વસ્તુઓ બનાવીછે તે ધણીની કારીગરીની સ્તુતિ કરીએ છીએ.



સવાલ.



'અષેમ્ વોહૂ' નો સાર કહો. અશોઈ એટલે શું? ચોખ્ખાઇ કેટલી જાતની છે? અશો કોણને કહીએ? અશોઇને દોલત કાંય કહી છે? અશોઇની દોલત કેવી છે? માણસને અશોઇથી શું ફાયદો છે? અશોઇનો સૂમ કોણ છે? અશોઇની દોલતમાં અને દુનિઆઇ દોલતમાં શો ફેર છે? શરીરની ચોખ્ખાઈ એટલે શું? શરીરને ચોખ્ખું રાખવાને શું કરવું જોઇએ? એકલું શરીર ચોખ્ખું હોય તો ખરૂં સુખ મળી શકે કે નહીં? કાંય નહીં? દાખલો આપો. અશોઇનો આધાર કયાં ત્રણ મૂળ વચન ઉપર છે? તેઓનો અર્થ શું? મન ચોખ્ખું રાખવાને શું કરવું જોઇયે?

'યથા અહૂ વઈર્યો' નો સાર કહો. તમે જે બાંક ઉપર બેઠાં છો તે શાનો બન્યો છે? લાકડું કયાંથી આવ્યું? ઝાડ કેમ બન્યું? પીનો ઉધરભાવ શાથી થયો? તે કાયદા કોણે રચ્યા છે? સઘળી જગતનો બનાવનાર કોણ? ખોદાએ શું શું બનાવ્યું છે? આપણને ખોદાની ખુશી પ્રમાણે શા માટે ચાલવું જોઇએ? ખોદાની ખુશી શું છે તે કયાંથી જણાય? માજદીઅસ્‌ની દીન એટલે શું? આપણી દીનનું નામ શું? તેનો અર્થ શું? માજદીઅસ્‌ની દીન ખોદાએ નહીં મોકલી હતે તો આપણી હાલત શી થતે? ખોદા આપણા ઉપર કયારે કોપે છે? માણસને માજદીઅસ્‌ની દીન પાળવાની ફરજ કાંય છે? પેગામબર એટલે શું? અશો જરથોશત કયાં જન્મયો હતો? તેના બાપનું નામ શું? તે કોણના ખાનદાનનો હતો? તે પેગામબરો દરજજો કેમ

પામ્યો ? બેહુમન એટલે શું ? સરોષ એટલે શું ? અશો જરથોશતે ખોદાને કેમ જોયો ? જરથોશતી દીન સાચી છે તે કેમ જાણ્યું ? કોણની પાદશાહીમાં જરથોશતી દીન ચાલુ થઈ ? ખોદાની મહા શકિત વિષે અશો જરથોશતનો શું બોધ છે ?

'**કેમ્ના મજ્દા**' નો સાર કહો. આપણને ખોદાને જવાબ દેવો છે તે કેમ જાણ્યું ? અશો જરથોશતની બુજોરગીનું બયાંન કરો. સઘળી પેદાયશનો માલેક કોણ ? કાંય ? સઘળી પેદા થએલી પેદાયશમાં બુજોરગ કોણ ? કાંય ? અશો જરથોશતની બુજોરગીથી ઉતરતો કોણ ? કાંય ?

'**અહુર મજ્દ ખોદાએ**' નો સાર કહો. દર વખતે ગુનાહનો પસ્તાવો કરવાનો સબબ શું ?

'**ક્ષનઑથ્ર**' નો અર્થ કહો. 'મજ્દયસ્નો અહ્મિ' નો અર્થ કહો. 'રઝ્ઝીશ્તયાઉ' નો સાર જણાવો.

નવજોત એટલે શું ? નવજોતની વખતે શું સરપાવ આપવામાં આવે છે ? સુદરેહ એટલે શું ? સુદરેહ શાનો જોઇએ ? કાંય ? ગીરેહબાંન એટલે શું ? કુશ્તી એટલે શું ? કુશ્તી શાની જોઇએ ? કાંય ? બોંતેર તાર શું બતાવે છે ? છ લરી શું બતાવે છે ? ત્રણ આંટા શું બતાવે છે ? ચાર ગાંઠ વાળતાં શું વમાસવું જોઇએ ? પાદીઆબ એટલે શું ? પાદીઆબ કયારે કરવા જોઇએ ? પાદીઆબ કરતી વખતે મોહું ખીડવાનું કારણ શું ? કુશ્તી બાંધવાની ક્રિયાનો ખુલાસો કરો. કુશ્તી શાની તરફ કરવી ? રોશની તરફ કુશ્તી કરવાની શું જરૂર ?



જરથોશતી ધર્મ બોધ.

પાઠમાળા.

પેહેલી ચોપડી.

વધારો (Appendix.)

(પેગામબર અશો જરથોશતનાં સંબંધમાં બનેલા ચમત્કાર વિષે જૂનાં લખાણો ઉપરથી મળતો એહેવાલ.)

અશો જરથોશત ઉપર ખોદાની ખાસ મેહેરબાની હતી તે વિષે.

(૧)

અશો જરથોશત આ દુનિઆમાં જન્મ પામનાર છે એવી આગાહી તેની સેંકડો વરસ અગાઉ થઇ ગએલા ઘણાખરા સઘળા પરહેજગાર લોકોને, તથા જમશેદ, ફરેદુન, મીનોચેહેર, કેખુસરો, વગેરે ભલા ઇરાણી પાદશાહોને, ખોદાની તરફથી થઇ હતી; એટલુંજ નહીં, પણ સઘળા નજૂમીઓનેબી સેતારાઓના વરતાળાથી, તેનો જન્મ થશે એવી ખબર આગળથી મળી હતી, એવું લખાણ આપણા ધર્મની બાબદમાં લખાયલી ઘણીએક જૂની ચોપડીઓમાં આપણે

વાંચીએ છીએ. અને 'યથા અહૂ વઈર્યો' માંથી તથા બીજાં કેટલાંએક પાક અવસ્તાનાં લખાણમાંથી પણ એવો સાર નીકળે છે કે દાદાર અહુરમજદે સઘળી પેદાયશ બનાવવા પેહેલાં, અશો જરથોશતને મોટો પેગામબર કરીને આ દુનિઆમાં મોકલવાનો ઠરાવ કીધો હતો.

અશો જરથોશત આપણા નામાંકિત અને પરહેજગાર ઘરાણી શેહેનશાહ મુબારક ફરેદુનની ઓલાદનો હતો. તેનો બાપ 'પેતરસ્પ' નો બેટો 'પોરોશસ્પ' હતો. તેની માનું નામ 'દોગદો' હતું. દોગદો વિષે કહેછે કે અશો જરથોશતની વખતે તેને હમેલ રેહેવા પછી કેટલેક મહિને તેણે એક ખાબ જોયો કે, આસમાન ઉપર સીહા વાદળ ઘેરાઇ આવીને, ધોળે દિવસે દુનિઆમાં અંધારૂં ઘોર થઈ ગયું, અને તે વાદળાંમાંથી બેશુમાર મુજી જાનવરો વરસ્યાં. એ સઘળાં જાનવર તેનાં ઘરમાં ભરાઇ ગયાં અને એક પરંદું તો તેનું પેટ ચીરી અંદરનું બચ્ચું લઇને નાસી જતું હતું તેવામાં તેણે તે વાદળાંમાંથી એક રોશન પહાડ સરખો નીચે આવતો દીઠો, અને જુવેછે તો તેમાંથી એક સોહામણો બહાદુર જવાંન નિકળ્યો. એ જવાંને સઘળું વાદળ ખસેડી નાંખ્યું, અને પેલાં નાપાક મુજી જાનવરની ચુંગાળમાંથી પેલું બચ્ચું છોડાવીને પાછું દોગદોના પેટમાં મૂક્યું અને કહ્યું કે એ છોકરો ખોદાનો પેગામબર થશે. તે જવાંનના એક હાથમાં એક આકાશી કેતાબ અને બીજા હાથમાં એક લાકડી હતી. તેણે પોતાના હાથમાંની ચોપડી પેલાં જાનવરો તરફ ફેંકી તેથી તેઓ તરત ગુમ થઈ ગયાં, પણ એક વાઘ, એક વરૂ અને એક ચિત્તો એ ત્રણ તે ઘરમાંથી નાઠાં નહીં. એ ત્રણ જાનવરોએ ઘરમાં ઘણા ભય ભરેલા પોકાર કીધા તેથી દોગદો જાગી ઉઠી, અને તે ખાબથી તે ઘણી ગભરાઇ હતી

તેથી તેજ વખતે આંફ્ળો ફાંફ્લી પોતાની પડોશમાં એક નજૂમી રહેતો હતો તેને ત્યાં જઇને તેને સઘળો એહેવાલ કહી સંભળાવ્યો, અને તે ખાબની તાસીર પૂછી.



(૨)

તે નજૂમી ઘણો ભલો માણસ હતો, તેણે પેહેલાં દાગદાને દિલાશો દઇને ઠંડી પાડી, અને પછી ત્રણ દહાડાની મુદત સુધી, તે અજબ જેવા ખાબનો ખુલાસો મેળવવાને માટે, નજૂમની તથા આગળા વિદ્વાનોની અગમ બુદ્ધિની કેતાબો તપાસીને તેણે ઘણા આનંદ સાથે દાગદાને જવાબ આપ્યો કે,—ઓ કુળવાન બાઈ, ધન છે તને! જે પેગામબર અશો જરથોશત વિષે આપણા પરહેજગાર વડાવા લખી ગયાછે, તે નેક નામી ભરેલા પુત્રનો જન્મ, ખોદાના હુકમથી, તારે પેટે થશે; અને આજે તને હમેલ રેહેવાને પાંચ મહિના અને તેવિશ દહાડા થયાછે, માટે બંને હાથ જોડીને તું ખોદાનો ઉપકાર માન. એવું કહીને પછી તેણે દાગદાની આગળ પેલા ભેદ ભરેલા ખાબનો ખુલાસો કીધો. તે બોલ્યો કે જેવું સીહા વાદળ આકાશ ઉપર થએલું તેં જોયું હતું તેવું બલાનું વાદળ, અશો જરથોશત જન્મવા પછી, તારી ઉપર આવી પડશે; અને એક વરૂ એક માતાના પેટમાંથી બચ્ચું ચીરી કાઢીને તેને વવાણે તેથી જેવી તે બચ્ચાંની માને વેદના થાય તેવી વેદના તને થશે. કારણ કે ઘણાંએક બુરી રાહ ઉપર ચાલનારાં માણસો તારા પુત્ર ઉપર વેરભાવ રાખશે, અને ફાડી ખાનારાં જાનવરની માફક તારા પુત્રનાં લોહીનાં તરસાં થશે, પણ તે સઘળાંઓને તારો નામ-

દાર પુત્ર ખોદાની ખાસ મેહેરબાનીથી અને પોતાનાં શ્રેષ્ઠ મનબળથી હરાવશે, અને તે સઘળાંઓ દફે થશે; પણ તેના ત્રણ દુશમનો હારશે નહીં. તેઓ તારા પુત્ર ઉપર હમેશ લગી વેર રાખશે. તેઓમાંનો એક તારાં પોતાનાં શેહેરનો 'દોરાંસરૂન' નામનો હકિમ તેનો કટ્ટો શત્રુ થશે. તે નાપાક તારા પુત્રની બચગીના વખતમાં તેની ઉપર તરેહવાર જફા પાડીને તેને મારી નાંખવાની કોશેશ કરશે તેથી તને તેને લઇને નાસી જવું પડશે. પછી તું ઇરાણના શેહેનશાહ 'ગુશ્તાસ્પ' ના આશરા હેઠળ જશે, અને તે નેક શેહેનશાહ તારા પુત્ર ઉપર મેહેરબાની રાખશે તેથી તેના એક દરબારીને અદેખાઇ લાગશે, અને તે તારા પુત્રનો જાન લેવાની કોશેશ કરશે, પણ તે ફાવશે નહીં. પછી શેવટે જયારે તારો પુત્ર ઉમરે પહોંચશે અને તેના દિવસ પૂરા થશે, ત્યારે એક નાપાક 'બરાતરૂત' નામના શેતાંની ખસલતના માણસથી તે માર્યો જશે, અને તે બદકાર ઉપર હમેશની લઆંનત રહી જશે.

એ ખુલાસો સાંભળીને દોગદો મગ્ન થતી ઘર ગઇ, અને તે વધામણી પોતાના ખાવંદને કહી, અને તે બંને જણે ખોદાની હજૂરમાં માથું ખાકમાં મૂકીને તેનો પાડ માન્યો.

---

(૩)

અશો જરથોશતના જન્મનું વર્ણન કરતાં એક પ્રખ્યાત જુનાની ગ્રંથ કર્તા એવું લખી ગએલો દેખાય છે કે "પેદા થતો વેળાએ જે આદમી હસીઓ હતો તે એક માત્ર જરથોશતજ હતો, અને તેનું ભેજું એટલું તો જોશથી ધગ-

ધગ થતું હતું કે તેનાં માથાં ઉપર જો હાથ મેલીએ તો તે તદનજ ઉડી જતો હતો, ને ઉપરથી આગળ જતાં તે ઘણો બુદ્ધિવાન પુરૂષ નીકળશે એવી આગાહો માલમ પડતી હતી." અને બીજી એવી પણ ગવાહી વાંચવામાં આવે છે કે તે જન્મ્યો તે વેળાએ તેના પ્રતાપથી તેના ઘરની આસપાસની હવા અજબ જેવી રીતે રોશન થઇ ગઇ હતી, અને તે રોશની ઘણેક દૂરથી લોકોને દેખાતી હતી. હવે તે શેહેરના હાકેમ 'દોરાંસરૂન' ને જેવી ખબર થઈ કે અશો જરથોશત જન્મ પામ્યો છે, અને તે સઘળી દેવ પરસ્તીનો નાશ કરશે, તેવોજ તે કરપીણ હાથમાં એક તલવાર લઇને તે પ્રતાપી બચ્ચાંને ઠાર કરવાના મનસુબાથી તેને ઘર ગયો, પણ ત્યાં જતાં વારજ તેનો હાથ તેની તલવાર સાથે અકડી ગયો, તેથી તે નામુરાદ થઇને પાછો વળ્યો. પછી તેણે પોતાનાં માણસોને હુકમ કીધો કે જાઓ, લાકડાં અને ગંધકનો એક મોટો ઢગ બનાવી, તેમાં તેલ રેડીને સળગાવી દો, અને તે આગમાં પેલાં બચ્ચાંને કોઇ ન જાણે તેવી રીતે લાવીને નાંખો. પણ જ્યાં ખોદાની મેહેરબાની ઉતરે છે ત્યાં દુશમન અશક્ત થાય છે. માટે જો કે પેલી નાશકારક આગમાં તે બદકારોએ તેને લાવીને નાંખ્યો તોપણ તેના શરીરના એક વાળને પણ લગારે નુકસાન પહોંચ્યું નહીં; કારણ કે જેવો તેને તે આગમાં નાંખ્યો તેવીજ પેલી આગ ઓલાઈ ગઇ, અને તેની રાખમાં તે કરારથી ઉંઘી ગયો. પછી તેની મા ખોળ કરતી કરતી ત્યાં આવી પહોંચી અને પોતાનાં બાળકને સલામત જોઇને દિલમાં ખોદાનો આભાર માનીને તેને પોતાને ઘર લઈ ગઈ.

જ્યારે પેલા બદકારોએ જોયું કે તેઓ પોતાની શેતાંની વર્તણૂકમાં ફાવ્યા નહીં ત્યારે તેઓએ એવો ઠરાવ

કીધો કે જયાંથી ગાય ઢોરનું ગોવાળું જનું આવતું હોય એવી એક સાંકડી ગલીમાં તેને નાંખવો, કે ત્યાં ગાયોના પગ તલે કચડાઇને તે મરી જાય. તે ધુરી નિશ્ચામાં પણ તેઓ નામુરાદ થયા. શેવટે તેઓએ એક બીઆબાંન જંગલમાં એક વરૂનાં કોતરમાંથી તેનું બચ્ચું કાઢીને મારી નાંખ્યું, અને તે મારી નાંખેલાં બચ્ચાંની આગળ અશો જરથોશતને નાંખીને ચાલ પકડયા, એવું ધારીને કે જેવારે વરૂની માદા આવશે ત્યારે તે પોતાનાં બચ્ચાંને મારી નાંખેલું જોશે તેથી ઘણી ચીરડાઇને તેને ફાડી ખાશે. પણ તે ખોદાઇ રાહથી આંધળા મૂરખોને એમ નહીં સૂઝયું કે ખોદાના ચાહવાની વિરૂદ્ધ તેઓથી કાંઇ બની શકનાર નથી; કારણકે જ્યારે વરૂની માદાએ આવીને પોતાનાં બચ્ચાંને મારી નાંખેલું દીઠું ત્યારે તે ઘણી ગુસ્સે થઇને અશો જરથોશતને ખાઈ જવા દોડી ખરી, પણ જેવી તે ખાવા જતી હતી કે તરત તેનું મોહુંજ સંધાઈ ગયું.



(૪)

હવે જયારે અશો જરથોશત પંદર વરસનો થયો ત્યારે તે આ દુનિઆની સઘળી લાલચ તજી દઇને એલમ હાંસેલ કરવા મંડયો, અને એ પ્રમાણે વિદયાભ્યાસ કરવાનું પોતાની તીસ વરસની ઉમર સુધી ચાલુ રાખ્યું. પછી તે એકાંતવાસમાં ગયો, અને ત્યાં ખોદાઇ એલમ શીખી, બેહમનને મળીને ખોદાની તરફથી મળવેલા ધર્મને દુનિઆમાં પ્રસારવાને ઇરાણ તરફ ચાલ્યો. રસ્તામાં એક નદી આવી, પણ મછવો હતો નહીં તેથી તેણે ખોદાના બંદગી કીધી, જે ઉપરથી પાણી

તરત ખસી ગયાં અને તેને રસ્તો મળ્યો. પછી તે શેહેનશાહ ગુશ્તાસ્પની દરબારમાં આવ્યો, અને તેને જણાવ્યું કે, હું ખોદાનો પેગામબર છું, માટે મારી દીન શીખી સમજીને તું કબૂલ રાખ, કે તેથી તને બંને જેહાનની નામદારી અને સુખ હાંસેલ થશે. શેહેનશાહ ગુશ્તાસ્પ જોકે યજદાંપરસ્ત હતો તોપણ તેણે અશો જરથોશતનું બોલેલું એકદમ માન્ય કરી દેવામાં પેહેલાં લગાર આંચકો ખાધો, તેથી અશો જરથોશતે પોતાની પેગામબરીનો હક સાબેત કરવાને માટે, તે શેહેનશાહની દરબારમાં ઘણાએક કાબેલોની નજદીક, ખોદાઇ પ્રતાપથી અને પોતાની પરહેજગારી તથા એલમનાં બળથી, કેટલાએક ચમત્કાર કરી બતાવ્યા. કહેછેકે, તે પોતાના હાથમાં 'આદરબુરજીન' નામનો આતશ લાવ્યો હતો તે હમેશાં વગર કાઠીએ બળતો હતો, અને તેને હાથ લગાડવાથી કોઇને નુકસાન થતું નહીં હતું, તે આતશ તેણે સઘળા દરબારોઓને બતાવ્યો. તેણે ભઠ્ઠીમાં કાસું ગળાવીને ગરમ ગરમ પોતાની છાતીપર રેડાવ્યું, પણ તેથી તેનાં શરીરને કાંઇ દુઃખ થયું નહીં. એવી રીતના ઘણાએક ચમત્કારો તેણે વિદ્વાનોની આગળ કરી બતાવ્યા તેથી તથા તે સઘળા વિદ્વાનોને તેણે તકરારમાં હરાવ્યા તેથી શેહેનશાહ ગુશ્તાસ્પનું મન તેની દીન શીખવા તથા સમજવા તરફ દોડયું, અને તેણે અશો જરથોશતને પોતાના મેહેલના એક ભાગમાં સુખ અને આરામ સાથે રાખવાને ફરમાવ્યું. શેહેનશાહની મેહેરબાની અશો જરથોશત ઉપર થઇ તેથી તેના દરબારીઓને અદેખાઇ લાગી, અને તેઓએ તેને ખોઆર કરવાની નીચ અને પાપી મતલબથી, એક દહાડે તે બહાર ગયો હતો ત્યારે તેના દરબાનને ફુસલાવી, તેનો પાસે તેના સુવાના ઓરડાનો કુંચી લઇને તેનાં બિછાણાંની તલે નખ, વાળ, મુએલાં

માણસનાં હાડકાં અને એવો એવી બીજી એઠી ચીજો મૂકી; અને પછી પાદશાહને એવું સમજાવ્યું કે જરથોશત એક જાદુગર છે, કારણ કે તે આપણને નખ, વાળ વગેરે ચીજોને અડકવાની પણ મનાઇ કરેછે; અને તેજ ચીજો તે પોતે, જાદુઇને માટે, પોતાના ઓરડામાં વાપરે છે. એ સાંભળીને પાદશાહે તેના ઓરડાની ઝડતી લેવાડી અને તેમાંથી પેલી ચીજો મળી આવી તેથી તેને ઘણો ક્રોધ ચઢયો અને તેણે અશો જરથોશતને કેદ કરાવ્યો.



(૫)

એ બનાવ પછી થોડા વખતમાં ગુશતાસ્પના 'અસ્પેંસીહા' નામના એક ઘણા કિમતી અને ઉપયોગી ઘોડાના ચારે પગ કાંઇક અજબ જેવાં દરદથી પેટમાં ગરક થઈ ગયા, જેથી પાદશાહ ઘણો ગમગીન થયો, અને તરેહવાર ઇલાજ કીધા પણ કાંઇ વળ્યું નહીં. એ વાત જ્યારે અશો-જરથોશતને જણાઈ ત્યારે તેણે એક માણસ સોડે પાદશા-હને કહેવાડયું કે હું જે કહું તે તું કબૂલ રાખે અને તે પ્રમાણે કરે તો તારા ઘોડાને હું સારો કરૂં. પાદશાહે તેનું માગવું કબૂલ રાખવાની હા કહી અને તેને તેડી મંગાવ્યો. અશો જરથોશતે કહ્યું કે હું ચાર ચીજ માગુંછું. પેહેલું એ કે તું પોતે ખરાં દિલથી કબૂલ રાખે કે હું ઓદાનો પેગા-મબર છું. બીજું એ કે તારા બેટા 'અસ્પંદીઆર'ને તું કહે કે તે મારી દીન શીખી, સમજી, કબૂલ રાખીને તેને દુનિઆમાં આશકારા કરવા કરાવવાની કમ્મર બાંધે. ત્રીજું એ કે તારી ઓરત 'કેતાયુન' (અવસ્તામાં'હુતઓષિ') મારી

દીન શીખીને તે પ્રમાણે ચાલે.. અને ચોથું એ કે તારા દરબાનને બોલાવીને પેલી નસાની ચીજો વિષે તું તેહકીક કરે. એ સઘળી શરત જ્યારે શેહેનશાહે કબૂલ રાખી ત્યારે અશો જરથોશતે પવિત્રાઈથી પાક અવસ્તાના કલામ પઢી, જમણો હાથ ફેરવી એક પછી એક પેલા ઘોડાના ચારે પગ બહાર કાઢયા અને તેને સારો કીધો. એ ચમત્કારની ખબર તમામ લોકોમાં ફેલાઇ ગઈ, અને શેહેનશાહ તથા તેની રાણી તથા 'અસ્પંદીઆર' અને 'પેશુતન' નામના તેના દીકરાઓ તથા 'જામાસ્પ હકીમ' નામનો તેનો વજીર તથા પાદશાહી કુટુંબનાં બીજાં સઘળાં માણસો અશોજરથોશતની દીન શીખી, ખાતરી કરીને તેને ખોદાના પેગામબર તરીકે ખરાં દિલથી માનવા લાગ્યાં; અને પેલા બદકાર દરબારીઓએ દરબાનને ફુસલાવીને કાવતરૂં કીધું હતું તેઓ પોતાના ગુનાહના બદલામાં મોતની શિક્ષા પામ્યા. ત્યાર પછી અશો જરથોશતની દીન સઘળે ઠેકાણે ફેલાઇ ગઈ, અને દેવો જમીનની નીચે ભરાઇને નાબુદ થઈ ગયા.

હવે જ્યારે એ ખબર દેશ દેશ પથરાઇ ગઇ ત્યારે તે વેળાએ આખી દુનિઆમાં પ્રખ્યાત એવો 'ચંગરેધાચ' નામનો હિંદુસ્થાનનો એક મોટો પંડિત જે જામાસ્પ હકીમનો ઉસ્તાદ થતો હતો તે, તથા 'નીઆતુસ' નામનો યુનાનનો એક મોટો વિદ્વાન એ બંને જણ અશો જરથોશતની સાથે તકરાર કરી તેને ખોટો પાડવાના મનસુબાથી પોતાના દિલમાં તરેહવાર છૂપા વિચારો કરીને ઈરાણમાં આવ્યા. તેઓને અશો જરથોશતે કહ્યું કે તમે તમારા દિલમાં જે છૂપા વિચારો કરીને આવ્યા છો તે અને તમે જે સવાલ કરવાના છો તે તથા તેના ઉત્તરો, મને ખોદાની તરફથી પેગામ મળવા મુજબ, મેં આગળથી એક

કેતાબમાં લખી રાખ્યા છે. એમ કહીને પોતાના પિત્રાઇ 'મેદીઓ માહ' પાસે તેઓની આગળ એક ચોપડી વંચાવી, તેમાં તેઓનાં મનના સઘળા ભેદો તથા તેનો સઘળો ખુલાસો પ્રગટ લખાયલો સાંભળીને તેઓ ઘણા અચરત પામ્યા, અને તેજ વખતે તેઓએ અશો જરથોશત પાસે માફી ચાહી, અને તેની દીન શીખીને કબૂલ રાખી.



સમાપ્ત.

તીસે રોજનાં નામ.

૧ અહુરમજદ.
૨ બેહમન.
૩ અરદીબેહેશત.
૪ શેહરેવર.
૫ સપંદારમદ.
૬ ખોરદાદ.
૭ અમેરદાદ.
૮ દેપાદર.
૯ આદર.
૧૦ આવાં.
૧૧ ખોરશેદ.
૧૨ મોહોર.
૧૩ તીર.
૧૪ ગોશ.
૧૫ દેપમેહેર.
૧૬ મેહેર.
૧૭ સરોષ.
૧૮ રશને.
૧૯ ફરવરદીન.
૨૦ બેહરામ.
૨૧ રામ.
૨૨ ગુવાદ.
૨૩ દેપદીન.
૨૪ દીન.
૨૫ અરશીશવંગ.
૨૬ આશતાદ.
૨૭ આસ્માન.
૨૮ જમીઆદ.
૨૯ મારેસ્પંદ.
૩૦ અનેરાંન.

બારે મહિનાનાં નામ.

૧ ફરવરદીન.
૨ અરદીબેહેશત.
૩ ખોરદાદ.
૪ તીર.
૫ અમેરદાદ.
૬ શેહરેવર.
૭ મેહેર.
૮ આવાં.
૯ આદર.
૧૦ દએ.
૧૧ બેહમન.
૧૨ સપંદારમદ.

પાંચે ગાથાનાં નામ.

૧ અહુનવદ.
૨ ઓસ્તવદ.
૩ સ્પેન્તોમદ.
૪ વોહુક્ષત્ર.
૫ વહિશતોઈશ્ત.

૭ ગાહમબારનાં નામ.

૧ મેદીઓજરેમ.
૨ મેદીઓષેમ.
૩ પેતશહેમ.
૪ અયાથ્રેમ.
૫ મેદીઆરેમ.
૬ હમસ્પથમેદેમ.

પાંચે ગેહનાં નામ.

૧ હાવન.
૨ રપીથવન.
૩ ઓજીરન.
૪ એવેસરૂથ્રેમ.
૫ ઓશહેન.

જરથોશતી ધર્મ બોધ

પાઠમાળા

પેહેલી ચોપડી.

જંદ શીક્ષક

પેહેલી ચોપડી

કીંમત રૂ૧

ઠેકાંણું:—એરચશા કરાંણીની કુંપની ધો-બીતલાવ; અને જાંહાંગીર બેજનજી કરાંણી કોટ

છપાઈ બહાર પડશે.

ખોરદેહ અવસ્તા

ખુદ્દ અવસ્તાને હરફે

જેમાં

શરૂઆતના અવસ્તા, હોશબામ, પાંચે ગાહ, પાંચે નીઆએશ, એકાદ બે ઈજ્મસાત અને પતેત પશેમાની દાખલ કરવામાં આવશે.

કીંમત રૂ૨.

જરથોશતી ધર્મ બોધ

પાઠમાળા

બીજી ચોપડી.

જંદ શીક્ષક

બીજી ચોપડી.